dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-96 | AD - 2026, Paush Vad - 06 | Thursday, Dt.08-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### નગરપરિષદ કબજે કરવા ભાજપ-કોંગ્રેસના ગઠબંધનથી શિંદે જૂથના ભાજપ પર આકરા પ્રહારો

# થાણેની અંબરનાથ નગર પરિષદ કબજે કરવા ભાજપે કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા

મુંબઈ,તા.૭

કોંગ્રેસમુક્ત ભારતના નારા લગાવતી ભાજપે થાણેની અંબરનાથ નગર પરિષદમાં સીધા કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે. મુંબઈથી માત્ર ૭૦ કિલોમીટર દૂર સ્થિત અંબરનાથ નગર પરિષદમાં શિંદે સેનાને સત્તાથી દૂર રાખવા માટે ભાજપે કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના આ ગઠબંધને રાજકારણ ગરમાવ્યું છે અને રાજ્યમાં હલચલ મચાવી દીધી છે.

આ ગઠબંધનને "અંબરનાથ વિકાસ આઘાડી" નામ આપવામાં આવ્યું છે. જોકે, આ ઘટનાક્રમથી શિવસેના શિંદે જૂથમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે. ભાજપ-કોંગ્રેસ ગઠબંધનથી શિંદે સેના ગુસ્સે થઈ ગઈ છે. શિવસેના શિંદે જૂથે ભાજપ પર આકરા પ્રહારો શરૂ કર્યા છે, અને આ ગઠબંધનને "અભદ્ર ગઠબંધન" ગણાવ્યું છે. શિંદે જૂથના ધારાસભ્ય ડૉ. બાલાજી કિનીકરે કોંગ્રેસ મુક્ત ભારતની હિમાયત કરતી ભાજપ પર કોંગ્રેસ સાથે જોડાણ કરીને શિવસેના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે.

અંબરનાથને શિંદે સેનાનો ગઢ માનવામાં આવે છે, જ્યાં એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે સંસદ સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તાજેતરમાં, અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીઓ યોજાઈ હતી. આ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં ભાજપે શિંદે સેનાને હરાવ્યું હતું, અને ભાજપે મેયરની પસંદગી કરી હતી. આ ચૂંટણીમાં, શિંદે સેના સૌથી મોટા



પક્ષ તરીકે ઉભરી આવી હતી પરંતુ બહુમતીથી થોડી ઓછી રહી હતી. શિંદે સેનાને ભાજપ સાથે નગર પરિષદમાં સરકાર બનાવવાની આશા હતી, પરંતુ એવું બન્યું નહીં. શિંદે સેનાને બદલે, ભાજપે કોંગ્રેસ સાથે જોડાણ કર્યું અને નગર પરિષદમાં સત્તા સ્થાપિત કરી. કોંગ્રેસ સાથે જોડાણ કરીને સ્થાનિક સ્તરે સત્તા સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ગઠબંધન સામે મુખ્યમંત્રી ફડણવીસ ગુસ્સે, મહારાષ્ટ્ર કોંગ્રેસે ભાજપ સાથે જોડાણ કરનારા ૧૨ કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યા

મુખ્યમંત્રી ફડણવીસે સ્થાનિક ભાજપ એકમ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીને સંગઠન વિરોધી ગણાવી છે. સખત નારાજગી વ્યક્ત કરતા, તેમણે તાત્કાલિક આવા જોડાણો સમાપ્ત કરી દીધા છે અને પક્ષના નિર્દેશોનું ઉલ્લંઘન કરનારા નેતાઓ સામે શિસ્તબદ્ધ કાર્યવાહીની ચેતવણી આપી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસે અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભારતીય જનતા પાર્ટી સાથે જોડાણ કરનારા તમામ ૧૨ કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યા છે. વધુમાં, બ્લોક કોંગ્રેસ કારોબારીને બરતરફ કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ હર્ષવર્ધન સપકલે કડક વલણ અપનાવતા કહ્યું કે, કોઈપણ સ્તરે ભાજપ સાથે જોડાણ સહન કરવામાં આવશે નહીં અને આવા નેતાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# 'કૂતરું કેવા મૂડમાં છે તે કેમ ખબર પડે' દિલ્હીમાં રખડતા કૂતરા બાબતે સુપ્રીમ કોર્ટમાં સુનવણી

ન્યુ દિલ્હી,તા.૦૭

સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતાં કૂતરાં સંબંધિત કેસ પર સુનાવણી ચાલુ થઈ. દલીલમાં કૂતરાંના મૂડ, કૂતરાઓનું કાઉન્સેલિંગ, કોમ્યુનિટી ડોગ્સ અને ઈન્સ્ટિટ્યુશનલાઈઝ્ડ ડોગ્સ જેવા શબ્દો સામે આવ્યા હતા.





જસ્ટિસ વિક્રમ નાથે કહ્યું, વાત ફક્ત કરડવાની નથી, કૂતરાઓથી ખતરો પણ હોય છે. અકસ્માતોનો ખતરો હોય છે. રખડતાં કૂતરાંથી રસ્તાઓ ખાલી રાખવા પડશે. તમે એની ઓળખ કેવી રીતે કરશો? સવાર-સવારમાં કયું કૂતરું કયા મૂડમાં છે, એ તમે જાણી શકતા નથી.

દલીલમાં રખડતાં કૂતરાંની તરફેણમાં દલીલ કરી રહેલા કપિલ સિબ્બલે કહ્યું, જ્યારે પણ હું મંદિરો વગેરેમાં ગયો છું, મને ક્યારેય કરડ્યું નથી. સુપ્રીમ કોર્ટે જવાબ આપ્યો- 'તમે નસીબદાર છો. લોકોને કરડી રહ્યાં છે, બાળકોને કરડી રહ્યાં છે. લોકો મરી રહ્યા છે.' કપિલ સિબ્બલે કહ્યું હતું કે કૂતરું કોઈને કરડ્યું હોય તો તમે એક સેન્ટરને ફોન કરો, એને લઈ જવામાં આવશે, તેની નસબંધી કરવામાં આવશે અને એને પાછા એ જ વિસ્તારમાં છોડી દેવામાં આવશે. આના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે બસ, એક જ વસ્તુ બાકી છે, કૂતરાંને પણ કાઉન્સેલિંગ આપવું, જેથી પાછા છોડવામાં આવે ત્યારે એ કરડે નહીં. આ મામલાની સુનાવણી આવતીકાલે સવારે ૧૦:૩૦ વાગ્યાથી ફરી શરૂ થશે, કારણ કે ચર્ચા અધૂરી રહી છે.

# યુએસની લશ્કરી કાર્યવાહી બાદ વેનેઝુએલાના લોકોની સુખાકારીને પ્રાથમિકતા : એસ.જયશંકર

નવીદિલ્હી,તા.૭

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે લક્ઝમબર્ગમાં વેનેઝુએલામાં તાજેતરની ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે તમામ પક્ષોને યુએસ લશ્કરી કાર્યવાહી અને ત્યારબાદના કટોકટી વચ્ચે વેનેઝુએલાના લોકોની સુખાકારી અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા વિનંતી કરી. એસ. જયશંકરે લક્ઝમબર્ગની તેમની મુલાકાત દરમિયાન આ નિવેદન આપ્યું હતું, જ્યાં તેમણે નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન સાથે દ્વિપક્ષીય સંબંધો



પર ચર્ચા કરી હતી. ભારતે અગાઉ વેનેઝુએલા અંગે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે તે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને તેના લોકોની સલામતીને પ્રાથમિકતા આપી રહ્યું છે.

જયશંકરે કહ્યું, "ભારત તાજેતરની ઘટના અંગે ચિંતિત છે. અમે તમામ સંબંધિત પક્ષોને સાથે બેસીને એવી પરિસ્થિતિ પર કામ કરવા હાકલ કરીએ છીએ જે વેનેઝુએલાના લોકોના કલ્યાણ અને સલામતીના શ્રેષ્ઠ હિતમાં હોય." તેમણે એ પણ યાદ કરાવ્યું કે ભારતના વેનેઝુએલા સાથે લાંબા સમયથી ગાઢ સંબંધો છે અને ત્યાંના લોકો આ કટોકટીમાંથી ઝડપથી બહાર આવે અને સફળ રિકવરી ઈચ્છે છે.

જયશંકરે એમ પણ કહ્યું, "આજના સમયમાં, દેશો તે કરશે જે તેમને સીધો ફાયદો કરે છે. તેઓ તમને મફત સલાહ આપશે. જો કંઈક થાય છે, તો તેઓ કહેશે, 'કૃપા કરીને આ ન કરો.' જો તણાવ હોય, તો અમે ચિંતિત છીએ. ક્યારેક તમે લોકોને આ કહેતા સાંભળો છો, જેમ ઓપરેશન સિંદૂર દરમિયાન થયું હતું. હવે, જો તમે તેમને પૂછો, 'ખરેખર, શું તમે ચિંતિત છો?' તમે તમારા પોતાના પ્રદેશ તરફ કેમ નથી જોતા અને પોતાને પૂછતા નથી કે ત્યાં હિંસાનું સ્તર શું છે? પરંતુ આ દુનિયાનો સ્વભાવ છે. લોકો જે કહે છે તે કરતા નથી. આપણે તેને તે જ ભાવનાથી સ્વીકારવું પડશે."




# ચાંદીમાં તેજી : એક કિલોનો ભાવ રૂા.૪ ૩ લાખે પહોંચ્યો, સોનું ઘટ્યું



ન્યુ દિલ્હી,તા.૦૭

ચાંદીનો ભાવ આજે એટલે કે ૭ જાન્યુઆરીએ ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, તે ૨,૮૯૪ રૂપિયા વધીને ૨,૪૬,૦૪૪ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. આ પહેલા ગઈકાલે તે ૨,૪૩,૧૫૦ રૂપિયા પર હતો. જ્યારે, સોનાના ભાવમાં આજે ઘટાડો છે. ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૪૫ રૂપિયા ઘટીને ૧,૩૬,૬૧૫ રૂપિયા પર આવી ગયો છે. આ પહેલા તે ૧,૩૬,૬૬૦ રૂપિયા પર હતો. સોનું ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૧,૩૮,૧૬૧ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પહોંચ્યું હતું.






# રાજુલામાં ઓ. ટી. આસિસ્ટન્ટ પર જૂની ફરિયાદના મનદુ:ખમાં જીવલેણ હુમલો

રાજુલા, તા.૦૭

રાજુલામાં જૂની અદાવત અને અગાઉ કરેલી ફરિયાદ પાછી ખેંચવા બાબતે ઓ.ટી. આસિસ્ટન્ટ પર લોખંડના પાઈપ વડે હુમલો કરી તેને ગંભીર ઈજા પહોંચાડ્યાની ઘટના સામે આવી હતી. આરોપીઓએ યુવકની મોટરસાઈકલને ફોરવ્હીલ વડે ટક્કર મારી પછાડી દીધા બાદ હુમલો કર્યો હતો. ગોવિંદભાઈ આણંદભાઈ બોરીચા (ઉ.વ.૫૨)એ વિજયભાઈ મંગળુભાઈ વરૂ તથા છત્રપાલ ચંન્દ્રકિશોરભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેઓ પોતાના દીકરાને રાજુલા ટાઉનની ખોજા સોસાયટીમાં ટ્યુશનમાં મૂકીને પોતાના મોટરસાઈકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન આરોપી વિજયભાઈ વરુ એક સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઈને ધસી આવ્યા હતા અને તેમના મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરને કારણે તેઓ નીચે પટકાતા જ ગાડીમાંથી બે આરોપીઓ લોખંડના પાઈપ લઈને નીચે ઉતર્યા હતા. જીવ બચાવવા માટે તેઓ ઊભા થઈને રોડ તરફ ભાગ્યા હતા, પરંતુ બંને આરોપીઓએ તેને પકડી પાડી લોખંડના પાઈપથી આડેધડ પ્રહાર કર્યા હતા. હુમલાખોરોએ તેમને બંને પગના ઘૂંટણના નીચેના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેને જમણા પગમાં ફ્રેક્ચર થયું હતું. આ ઉપરાંત ડાબા પગે અને જમણા હાથની હથેળીના ભાગે પણ મુંઢમાર જેવી ઈજાઓ પહોંચાડી ગાળો ભાંડી હતી.

# ચલાલા પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન કરતા અમરેલી SP સંજય ખરાત : CCTV લગાવનાર ૧૭ સરપંચોનું સન્માન

અમરેલી,તા.૦૭



તસવીર : દીપ કારીયા

અમરેલી જિલ્લા પોલીસ વડા (SP) સંજય ખરાત દ્વારા ચલાલા પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. ચલાલા પોલીસ સ્ટેશન હેઠળ આવતા ૩૨ જેટલા ગામડાઓમાં ગુનાહિત પ્રવૃત્તિઓ ઘટાડવા અને ગુનાઓના ઝડપી ડિટેન્શન માટે એસ.પી.ના માર્ગદર્શન હેઠળ દરેક ગામમાં CCTV કેમેરા લગાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશના ફળ સ્વરૂપે ૧૭ ગામડાઓમાં સરપંચો, દાતાઓ અને સરકારની ગ્રાન્ટના સહયોગથી CCTV કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. આ કામગીરી બદલ એસ.પી. સંજય ખરાતના હસ્તે ૧૭ ગામના સરપંચો અને દાતાઓનું મોમેન્ટો અને આભારપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે એસ.પી.એ અરજદારોની રજૂઆતો રૂબરૂ સાંભળી સમસ્યા હલ કરવાના પ્રયાસ કર્યા હતા.

# સાવરકુંડલા તાલુકાના કેરાળા ગામે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૦૭



તસવીર : સૌરભ દોશી

તા. ૭ના રોજ અંબુજા ફાઉન્ડેશન સંચાલિત બેટર કોટન પ્રોજેક્ટ અંતર્ગત સાવરકુંડલા તાલુકાની બ્રાન્ચ ઓફિસ ખાતે પ્રોજેક્ટ યુનિટ INGJ56ના મેનેજર અને તેમની ટીમની સક્રિય ભૂમિકા સાથે કેરાળા ગામે ભવ્ય સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. મીનાના માર્ગદર્શન હેઠળ આયુષ્માન આરોગ્ય મંદિર જુનાસાવર અને કેરાળા ગામના સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. મયુર પારઘી, ડૉ. જયકાન્ત પરમાર અને ડૉ. કૌશલ ગોંડળીયા દ્વારા ગ્રામજનોની મફત તપાસ કરી જરૂરી દવાઓનું વિતરણ કરાયું હતું.

# રાજુલાના BAPS સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવ અને ધર્મસભા યોજાઈ

રાજુલા, તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરના ડુંગર રોડ પર આવેલા BAPS સ્વામિનારાયણ મંદિરે ભવ્ય શાકોત્સવ તથા ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે બે હજાર જેટલા સત્સંગી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નડિયાદથી પધારેલા અક્ષરનયન સ્વામીએ સત્સંગીઓને સંબોધન કરતા શાકોત્સવની પરંપરા વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, શાકોત્સવની શરૂઆત પ્રથમવાર લોયા ગામે કરવામાં આવી હતી, જ્યાં અઢાર મણ જેટલું ઘી વાપરીને શાક તૈયાર કરવામાં આવ્યું હતું. આ પરંપરા બીએપીએસ મંદિરોમાં અવિરત જળવાય રહે તે હેતુથી આ ઉત્સવ યોજવામાં આવે છે. ઉત્સવમાં દેશી પરંપરા મુજબનું ભોજન એટલે કે રીંગણાનું શાક, રોટલા, છાશ અને મરચાંનો મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય દાતા તરીકે મનોજભાઈ મહેતાએ સેવા આપી હતી. આ ધાર્મિક પ્રસંગે રાજુલાના અગ્રણી વેપારીઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શાખપુર આરોગ્ય સબ સેન્ટરમાં CHOની ખાલી જગ્યા ભરવા સરપંચની રજૂઆત

દામનગર,તા.૦૭



દામનગર નજીક આવેલ શાખપુર ગામના આરોગ્ય સબ સેન્ટરમાં લાંબા સમયથી સી.એચ.ઓ (CHO)ની જગ્યા ખાલી હોવાથી ગ્રામજનોને મુશ્કેલી પડી રહી છે. આ અંગે શાખપુરના સરપંચ જશુભાઈ ખુમાણે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ગામની વસ્તી તેમજ અહીં વસતા પરપ્રાંતીય મજૂરોને શાખપુર આરોગ્ય સબ સેન્ટર ખાતે સારવાર દરમિયાન ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી તકે સી.એચઓની જગ્યા ભરવામાં આવે તેવી માંગ સરપંચ દ્વારા કરવામાં આવી છે.

# સાવરકુંડલાના ઘાંડલાથી ચીખલી રોડ વચ્ચેનું ફાટક બંધ રહેતા લોકો પરેશાન

અમરેલી, તા.૦૭



**ફાટક ૧૨ કલાક સુધી બંધ રહેતા ખેડૂતો અને શ્રમિકોને ભારે હાલાકી**

સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામેથી ચીખલી માર્ગ ઉપર આવેલ રેલવે ફાટક નંબર ૯૫ સી ઝેડ ઈ સાંજના ૮-૦૦ થી સવારના ૮ સુધી સદંતર બંધ રહેતું હોય છે. આથી આસપાસના ખેડૂતો અને વાડીએ રહેતા મજૂરોને ઈમરજન્સીમાં આવવા-જવા માટે ભારે તકલીફ પડે છે. આ રોડ પરથી નાના મોટા વાહનો પસાર થતા હોય વાડીએ રહેતા મજૂરોને ઈમરજન્સી હોસ્પિટલ માટે જવું હોય તો ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ન મળી શકે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આથી આ ફાટક ખુલ્લું રહે તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે, ખેડૂતો અને શ્રમિકોને ફાટક બંધ રહેતા વાહનની સાથે વાડીએ જવાની ખુબ જ મુશ્કેલી પડે છે. આ બાબતે જવાબદાર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી.

# ચલાલા નગરપાલિકામાં નવા પ્રમુખ તરીકે ભૂમિબેન વાળાની દાવેદારી

ચલાલા,તા.૦૭



ચલાલા નગરપાલિકાના વિવાદોનો અંત લાવવા અને આગામી દોઢ વર્ષની ટર્મ માટે નવા પ્રમુખની પસંદગી કરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા અને લઘુ મહંત મહાવીર બાપુની જહેમત બાદ નવા પ્રમુખ તરીકે સર્વાનુમતે ભૂમિબેન જયરાજભાઈ વાળાની દાવેદારી કરવામાં આવી છે. ચલાલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાઈ હતી, જેમાં ભાજપે તમામ ૨૪ બેઠકો પર વિજય મેળવ્યો હતો. જોકે, ત્યારબાદ આંતરિક જૂથબંધી અને ખેંચતાણને કારણે પાલિકા વિવાદોમાં સપડાઈ હતી અને વિકાસ કામો અટકી પડ્યા હતા. અંતે મહિલા પ્રમુખે રાજીનામું આપતા પ્રમુખ પદ ખાલી પડ્યું હતું. આ ખાલી જગ્યા માટે જિલ્લા કલેકટરે આવતીકાલે જનરલ મિટિંગ બોલાવી છે.










## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૭/૨૦૨૫

અરજદાર : શ્રી રજાકભાઈ રફીકભાઈ આરબ
સરનામુ : મું.વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી રજાકભાઈ રફીકભાઈ આરબ એ તેમના પુત્રી નામે શ્રી અદીબાબેન રજાકભાઈ આરબનો જન્મ** તા.૨૯/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૪/૧૨/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૨/૨૦૨૫

અરજદાર : શ્રી હરિભાઈ વેલાભાઈ શિયાળ
સરનામુ : મું.શિયાળબેટ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી હરિભાઈ વેલાભાઈ શિયાળ એ તેમના પુત્ર નામે શ્રી દક્ષાબેન હરિભાઈ શિયાળનું જન્મ** તા.૨૫/૦૭/૨૦૧૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## // જાહેર નોટીસ //

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં. /૨૦૨૫
જન્મ તારીખ:૦૧/૦૧/૧૯૯૩

શ્રી મધુબેન બાબુભાઈ મેવાડા,
રહે. ગરાળ, ગામ-ગરાળ,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરાળા, તા. ઉના,
જિ. ગીરસોમનાથ ........સામાવાળા

**બાબત:- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મધુબેન બાબુભાઈ મેવાડા, રહે. ગરાળ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી ભાવનાબેન બાબુભાઈ મેવાડાનો જન્મ તારીખ.૦૧/૦૧/૧૯૯૩ના રોજ ઉના તાલુકાના ગરાળ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટના દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## // જાહેર નોટીસ //

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં. /૨૦૨૫
જન્મ તારીખ:૦૧/૦૮/૧૯૯૮

શ્રી મધુબેન બાબુભાઈ મેવાડા,
રહે. ગરાળ, ગામ-ગરાળ,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરાળ, તા. ઉના,
જિ. ગીર સોમનાથ ........સામાવાળા

**બાબત:- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મધુબેન બાબુભાઈ મેવાડા, રહે. ગરાળ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી મનિષાબેન બાબુભાઈ મેવાડાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૯૮ના રોજ ઉના તાલુકાના ગરાળ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યેટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં તરવડા ગુરૂકુળના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમરેલી,તા.૦૭

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, તરવડાના ૫૨ વિદ્યાર્થીઓએ તા. ૦૫-૦૧-૨૦૨૬ ના રોજ સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ સમૂહ ગીત, લોકગીત,



પ્રભાતિયા, ધોળ, લોકવાદ્ય, મરશિયા, લગ્નગીત, વાંસળી, હાર્મોનિયમ, દુહા-છંદ, ભજન, લોકવાર્તા, રાસ વગેરે તમામ કૃતિઓમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને ગુરુકુળનું ગૌરવ વધાર્યું હતું.

આ સિદ્ધિ બદલ ગુરુવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય કૃષ્ણપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય રામકૃષ્ણદાસજી સ્વામીએ તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા.

**દેવકૃષ્ણદાસજી સ્વામી, કૃષ્ણપ્રિયદાસજી સ્વામી તથા રામકૃષ્ણદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા**

# જિલ્લામાં પોલીસની ટાઢ ઉડાડતા તસ્કરો : કુંકાવાવના લુણીધાર ગામે મંદિરમાં ચોરી

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં ઠંડીએ ચમકારો દેખાડ્યો છે ત્યારે તસ્કરો પોલીસની ઠંડી ઉડાડી રહ્યા છે. જિલ્લામાં ઉંઘતી પોલીસ અને જાગતા તસ્કરો જેવો ઘાટ ઘડાયો છે. જિલ્લામાં વારંવાર બનતી ચોરીની ઘટનાઓથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામમાં સરધાર પરિવારના ખોડિયાર



માતાજીના મંદિરમાં બુકાનીધારી તસ્કરોએ ચોરી કરી છે. તસ્કરો માતાજીને ચઢાવેલું ચાંદીનું છતર ચોરી ગયા હતા. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે અને ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ચોરીની જાણ થતાં વડીયા પોલીસે ઘટનાસ્થળે

**તસ્કરોના સીસીટીવી વાયરલ થયા, પોલીસ પેટ્રોલિંગ કડક બનાવવા લોકોની માંગ**

પહોંચીને તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા માત્ર તપાસ ચાલી રહેલી હોવાથી સેવકો અને દર્શનાર્થીઓમાં ભારે રોષ છે. ગ્રામજનો પોલીસ પેટ્રોલિંગ વધારવા અને તસ્કરોને તાત્કાલિક ઝડપી પાડવાની માંગ કરી રહ્યા છે.

# સા.કુંડલાની વિદ્યાર્થિનીઓ 'સાયકલ સ્પર્ધા'માં વિજેતા



અમરેલી, તા.૦૭

સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ 'સાયકલ સ્પર્ધા'માં વિજેતા થઈ હતી. ૪-૧-૨૬ ના રોજ કેતનભાઈ ખુમાણ દ્વારા સાયકલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. માધ્યમિક વિભાગ ધોરણ ૯ની ઝાખરા અલ્ફીજા (પ્રથમ), સૈયદ રાબિયાબાનુ (દ્વિતીય), વાઘેલા મૈત્રી (તૃતીય) સ્થાન પ્રાપ્ત કરેલ. તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જાદવ શ્રદ્ધા (પ્રથમ), દેલાણીયા હિરલ (દ્વિતીય), બારૈયા ધ્રુવીશા (તૃતીય) રહેલ. જેમને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાએ અભિનંદન પાઠવેલ હતા.

**સી.કે.ટીંબડીયાના અધ્યક્ષપદ હેઠળ કૃષિ ક્ષેત્રે પીએચડી માટે**

# પ્રાકૃતિક કૃષિનો અભ્યાસક્રમ તૈયાર કરવા ૭ વૈજ્ઞાનિકોની સમિતિ બની

અમરેલી,તા.૦૭

ICAR દ્વારા ગઠિત PG અને PhD નેચરલ ફાર્મિંગ અભ્યાસક્રમ તૈયાર કરવાની સમિતિના અધ્યક્ષ તરીકે પ્રથમ બેઠક ડો.ટીંબડીયાના અધ્યક્ષપણા હેઠળ વર્ચ્યુઅલ આયોજિત કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી પ્રાકૃતિક કૃષિની મુહિમને ભારતવર્ષની શિક્ષણ પ્રથામાં ઝડપથી દાખલ કરવા બાલવાટિકાથી માંડી PhD સુધીના અભ્યાસક્રમને તૈયાર કરવાના ભાગરૂપે ICAR



દ્વારા ઉઠાવેલ આ કદમને ખૂબ ખૂબ અભિનંદન અને આભાર. દેશભરમાંથી ૭ વૈજ્ઞાનિકોની આ સમિતિમાં આગામી સમયમાં સફળ ખેડૂતો તથા નિષ્ણાંતોને સામેલ કરી ઉત્તમ અભ્યાસક્રમ આત્મનિર્ભર ભારતના ભવિષ્ય માટે બને તે માટે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# દામનગરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે એક શખ્સ ઝડપાયો

દામનગર, તા.૦૭

દામનગરના ભુરખીયા રેલવે ફાટક પાસેથી એક શખ્સને ચાઈનીઝ દોરીની ફિરકીઓ સાથે પોલીસે ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, દામનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ભુરખીયા રેલવે ફાટક પાસેથી એક શખ્સ શંકાસ્પદ હાલતમાં પસાર થતા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. શખ્સ સામે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, દામનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ભુરખીયા રેલવે ફાટક પાસેથી પસાર થતા એક શખ્સની શંકાસ્પદ હાલતમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ શખ્સ પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની કુલ ૩ ફિરકીઓ મળી આવી હતી. આ ફિરકીઓ પર અંગ્રેજીમાં 'મોનો એસકેવાય' લખેલું હતું. પોલીસે ફિરકીઓ જપ્ત કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સા.કુંડલામાં નાની વયે હાફિઝ-એ-કુરાન બનનાર વિદ્યાર્થીઓનું સન્માન

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરમાં સમસ્ત મુસ્લિમ સમાજ માટે ગૌરવરૂપ ઘટનામાં S-M-G-K સંકુલ દારૂલ ઉલૂમ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નાની વયે 'હાફિઝ-એ-કુરાન' બનતા તેમનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટના પ્રમુખ પિન્ટુભાઈ મલેકના નિવાસસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાફિઝ બનેલા બંને વિદ્યાર્થીઓને મેડલ અને ફૂલહાર પહેરાવી મુબારકબાદી



પાઠવવામાં આવી હતી. તેમજ તેઓ ભવિષ્યમાં વધુ ઈલ્મ હાંસિલ કરે તેવી દુઆ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંધી સમાજના પ્રમુખ આર્યન ઝાખરા, ઉપપ્રમુખ મોહ્યુદીન દલ, માજી પ્રમુખ અલીભાઈ ઝાખરા, કારોબારી સભ્ય રજાકભાઈ ઝાખરા, સલીમભાઈ જાદવ, દિલાવરભાઈ ઝાખરા, સલીમભાઈ ધાનાણી, રજાકભાઈ લલક તથા મુસ્લિમ સમાજના અન્ય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# ખેડૂત વિરોધી નીતિઓ સામે ૧૨ જાન્યુઆરીએ કિસાન સંઘનું મહાસંમેલન

અમરેલી,તા.૦૭

ખેડૂત વિરોધી નીતિઓ અને લાંબા સમયથી પડતર માંગણીઓ સામે અવાજ ઉઠાવવા માટે ભારતીય કિસાન સંઘ દ્વારા આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ ગાંધીનગર ખાતે એક વિશાળ અને શક્તિશાળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. "ચાલો ગાંધીનગર" ના નારા સાથે યોજાનારા આ આંદોલનમાં અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા સહિત તમામ ૧૧ તાલુકાના ખેડૂતોને મોટી સંખ્યામાં જોડાવા આહ્વાન કરવામાં આવ્યું છે. કિસાન સંઘના જણાવ્યા અનુસાર, આ શક્તિ પ્રદર્શન ગાંધીનગરના સેક્ટર-૧૭માં વિધાનસભા સામે સવારે ૮:૦૦ વાગ્યાથી શરૂ થશે. આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારની એવી નીતિઓ સામે વિરોધ નોંધાવવાનો છે જે ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડી રહી છે. ખેડૂત સંઘના આગેવાનોના જણાવ્યા મુજબ, ખેડૂતોને પાકના યોગ્ય ભાવ ન મળવા, ખાતર-બીજની અછત, સિંચાઈ માટે પાણી અને વીજળીની સમસ્યા, તેમજ વધતા જતા કૃષિ ખર્ચ જેવા પ્રશ્નોથી ખેતી મુશ્કેલ બની રહી છે. વારંવારના આશ્વાસનો છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા હવે ખેડૂતો એકજૂટ થઈને પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવા ગાંધીનગરના આંગણે ઉમટી પડશે. આ પ્રદર્શન અંગે માહિતી આપતા અમરેલી જિલ્લા કિસાન સંઘના પ્રમુખ સામતભાઈ જેબલીયા, પ્રદેશ ઉપપ્રમુખ ધીરુભાઈ ધાખડા અને મંત્રી વિનુભાઈ દુધાત દ્વારા સંયુક્ત રીતે જણાવાયું છે કે, આ આંદોલન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે યોજાશે. તેમણે અમરેલી જિલ્લાના દરેક ગામડામાંથી ખેડૂતોને પરિવાર સાથે આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું. ખેડૂતોના હક અને અસ્તિત્વની લડાઈ ગણાતા આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી હજારોની મેદની ઉમટી પડે તેવી શક્યતા છે, જેને પગલે વહીવટી તંત્ર પણ સતર્ક બન્યું છે.






## અવસાન નોંધ

**સાવરકુંડલા**

બાઢડા ગામના ગોપાલભાઈ ગોવિંદભાઈ રાદડિયા અને નંદલાલભાઈ ગોવિંદભાઈ રાદડિયાના પિતા તથા બાલકૃષ્ણભાઈ, મનોજભાઈ અને અશોકભાઈના દાદા ગૌ.વા. ગોવિંદભાઈ અરજણભાઈ રાદડિયા (ઉ.વ.૯૫) નું બેસણું શુક્રવાર, તા. ૦૯-૦૧-૨૦૨૬ના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાકે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.











અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૫/૨૦૨૫

અરજદાર : શ્રી મનુભાઈ ટપુભાઈ વરૂ
સરનામુ : મું.નવી જીકાદ્રી, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નવી જીકાદ્રી
મું.નવી જીકાદ્રી, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી** ગામના **શ્રી મનુભાઈ ટપુભાઈ વરૂ** એ તેમની **પુત્ર નામે શ્રી જયરાજભાઈ મનુભાઈ વરૂનો જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૨૪/૧૨/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૯૨/૨૦૨૫

અરજદાર : શ્રી પરવીન સાદતહુસેન નરપાલી ડા/ઓ જમાલભાઈ બેલીમ
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદના જાફરાબાદ** ગામના **શ્રી પરવીન સાદતહુસેન નરપાલી ડા/ઓ જમાલભાઈ બેલીમ** એ તેમના પોતાના નામે **શ્રી પરવીન જમાલભાઈ બેલીમનો જન્મ** તા.૦૪/૦૯/૧૯૭૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૩/૦૧/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૬/૨૦૨૫

અરજદાર : શ્રી મન્શુરી અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ
સરનામુ : મું.વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી મન્શુરી અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ** એ તેમની **પુત્ર નામે શ્રી મન્શુરી હનીફભાઈ અબ્દુલભાઈનો જન્મ** તા.૧૧/૦૬/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૨૪/૧૨/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૯૬/૨૦૨૫

અરજદાર : શ્રી મધુ જીતેન્દ્ર બારૈયા ડા/ઓ બચુભાઈ ભોળાભાઈ સોલંકી
સરનામુ : મું.જાફરાબાદ, જાફરાબાદ, જી.અમરેલી (હાલ રે.મુંબઈ)

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદના જાફરાબાદ** ગામના **શ્રી મધુ જીતેન્દ્ર બારૈયા ડા/ઓ બચુભાઈ ભોળાભાઈ સોલંકી** એ તેમના પોતાના નામે **શ્રી મધુ બચુભાઈ સોલંકીનો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૩/૦૧/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૭૮/૨૦૨૫

અરજદાર : શ્રી સોરઠીયા ગનીભાઈ ઈબ્રાહિમભાઈ
સરનામુ : તુર્કી મહોલ્લા, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી - નગરપાલિકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સોરઠીયા ગનીભાઈ ઈબ્રાહિમભાઈ** એ તેમના **ભાણેજ નામે શ્રી સોરઠીયા હસુભાઈ ઉમરભાઈ નો જન્મ** તા.૨૩/૦૯/૧૯૬૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પટીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૨૦/૧૨/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી લાઠીના કાંચરડી-ઢસા જં. રોડ રિસર્ફેસીંગ માટે રૂ. ૪.૫૦ કરોડ મંજૂર

લાઠી, તા.૦૭



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિકાસકાર્યોને વેગ મળ્યો છે. કાંચરડી અને ઢસા જં. ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. કાંચરડી અને ઢસા જં. ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે ઉપયોગી છે. જોકે, લાંબા સમયથી રોડ બિસ્માર હાલતમાં હોવાને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા તેમણે તાત્કાલિક ધોરણે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૪.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ કામગીરીથી રોડની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ×લાંબા સમયથી રોડની સ્થિતિ ચિંતાજનક હતી. રાજ્ય સરકારે મારી રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું. આ કામ પૂર્ણ થવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોનો સમય અને શ્રમ બચશે.

# ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ ઓલ ઈન્ડિયા ઓપન-સી સ્વિમિંગમાં લહેરાવ્યો સફળતાનો ધ્વજ

અમરેલી, તા.૦૭



પ્લે-ગ્રાઉન્ડ પર સતત વિજય મેળવ્યા બાદ હવે ગજેરા સ્કૂલના ખેલાડીઓ દરિયાઈ ક્ષેત્રે પણ સફળતાના શિખરો સર કરી રહ્યા છે. તાજેતરમાં પોરબંદર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તારીખ ૩ થી ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદર ખાતે 'ઓલ ઈન્ડિયા ઓપન-સી સ્વિમિંગ રાષ્ટ્રીય કક્ષા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૫૦૦ જેટલા સ્વિમિંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસના ૭ ખેલાડીઓએ સમુદ્રમાં ૧ કિ.મી. સુધી સ્વિમિંગ કરી સિદ્ધિ હાંસલ કરી હતી. સફળ થયેલા ખેલાડીઓમાં વાઘેલા રવિના સનાભાઈ, વાળા નિશા રાવતભાઈ, વાળા અર્ચના ભીમજીભાઈ, ધરાજીયા કલ્પેશ મનીષભાઈ, વાળા અમરદીપ જયવંતસિંહ, નાઘેરા જય કાનજીભાઈ અને પરમાર જયદીપ બુધેશભાઈનો સમાવેશ થાય છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ તમામ સ્વિમિંગ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વડીયામાં પૈસાની લેતીદેતીમાં જાહેરમાં મારામારી કરતા ત્રણ શખ્સો ઝડપાયા

વડીયા, તા.૦૭

અમરેલી જિલ્લાના વડીયામાં પૈસાની લેતીદેતી મામલે જાહેરમાં હંગામો અને મારામારી કરી શાંતિનો ભંગ કરતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, વડીયામાં ઉછીના પૈસાની લેતીદેતી બાબતે ત્રણ શખ્સો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. હર્ષભાઈ જીતેન્દ્રભાઈ ભટ્ટી (ઉ.વ.૨૧), રાજભાઈ જયેશભાઈ પરમાર (ઉ.વ.૩૧) તથા મોહીતભાઈ રાજુભાઈ પાડલીયા નામના ત્રણેય શખ્સો જાહેરમાં એકબીજા સાથે લડવા લાગ્યા હતા. રહેણાંક વિસ્તારમાં અને જાહેર માર્ગ પર આ રીતે મારામારી થવાને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને જાહેર સુલેહ-શાંતિનો ભંગ થયો હતો. ઘટનાની જાણ થતા જ વડીયા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ત્રણેય આરોપીઓને પકડી પાડ્યા હતા.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા 'નવસર્જન વાર્ષિકોત્સવ'ની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૦૭



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ખાતે આવેલી ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા 'નવસર્જન વાર્ષિકોત્સવ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલાના નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સંસ્થાના પાયાના પથ્થર સંત પુરાણી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી, સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી અને પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી બિરાજમાન હતા. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મુખ્ય મહેમાન અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અતિથિ વિશેષ સિવિલ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પઠાણ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, કોંગ્રેસ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી, અખબાર ક્ષેત્રના અગ્રણી પ્રદીપભાઈ દોશી તથા અન્ય પત્રકારો, ભાજપ અગ્રણીઓ જીવનભાઈ વેકરીયા, પ્રવીણભાઈ સાવજ, રાજેશભાઈ નાગ્રેચા અને ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનોનું સ્વાગત વૃક્ષના નાના કુંડાઓ આપીને કરવામાં આવ્યું હતું.

# રાજુલા આઈટીઆઈ ખાતે જાગૃતિ સેમિનાર અને ભરતી મેળો યોજાયો

રાજુલા,તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજકોટમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ યોજાશે. પ્રી-વાયબ્રન્ટ સમિટ સપ્તાહ અંતર્ગત, આઈ.ટી.આઈ. રાજુલાએ તા.૦૨ ના રોજ આદર્શ નિવાસી શાળા અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) ખાતે અવેરનેસ સેમિનાર યોજ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓને ITI અને વોકેશનલ કોર્સિસનું મહત્વ સમજાવ્યું. વધુમાં, તા.૦૫ ના રોજ આઈટીઆઈ રાજુલા ખાતે ઓરબીટ બેરિંગ્સ દ્વારા રોજગાર તથા એપ્રેન્ટિસશીપ ભરતી મેળાનું આયોજન થયું હતું. ૪૮ ઉમેદવારોમાંથી ૩૦ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી થઈ હતી.

# અમરેલીમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

અમરેલી,તા.૦૭



જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા તા. ૦૨ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ ૫૩ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં અમરેલીના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ રિઝવાના બુખારી, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ ડી.એસ. શ્રીવાસ્તવ સહિત અન્ય ન્યાયાધીશો, અમરેલી વકીલ મંડળના નવનિયુક્ત હોદ્દેદારો, સભ્યો તેમજ કોર્ટ સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. "રક્તદાન એ જ મહાદાન" સૂત્રને સાર્થક કરતી આ શિબિરને અમરેલી ન્યાય પરિવારે સફળ બનાવી હતી.

# સાવરકુંડલાની વિદ્યાર્થિની લોકગીત સ્પર્ધામાં જિલ્લામાં દ્વિતીય સ્થાને

અમરેલી, તા.૦૭




અમરેલીમાં ૪-૫ જાન્યુઆરીના રોજ જિલ્લા સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં લોકગીત સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાંથી ૮થી ૧૪ વર્ષની વય જૂથમાં ૫૦ કરતાં વધારે સ્પર્ધકોએ ભાગ લીધો. તેમાં સાવરકુંડલાની શાળા નંબર છની વિદ્યાર્થિની યશ્વી કલ્પેશભાઈ સોજીત્રાએ લોકગીત સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી સમગ્ર સાવરકુંડલા શહેર તેમજ શાળાનું ગૌરવ વધારેલ છે. તેને માર્ગદર્શક શિક્ષક કલાગુરુ અરવિંદભાઈ શેલડીયા, પ્રિન્સિપાલ દિપાલીબેન વ્યાસ સહિત સમગ્ર સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલાના વિસળીયા ગામે કેન્સરની બીમારીના ડરે મહિલાએ જીવન ટૂંકાવ્યું

અમરેલી, તા. ૦૭

અમરેલી જિલ્લામાં અપમૃત્યુની વધુ ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી.

રાજુલા તાલુકાના વિસળીયા ગામે એક કરુણ ઘટના સામે આવી હતી. મોઢામાં પડેલી ચાંદી જો કેન્સરની હશે તો શું થશે? તેવી સતત ચિંતા અને ગભરાટમાં રહેતા એક મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. એભલભાઈ ગોવિંદભાઈ બારૈયા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, મનુબેન એભલભાઈ બારૈયા (ઉ.વ.૩૦)ને છેલ્લા કેટલાક સમયથી મોઢાના ભાગે ચાંદી પડી હતી. આ સામાન્ય દેખાતી ચાંદી કેન્સરની તો નહીં હોય ને? અને જો કેન્સર થશે તો આગળ શું થશે? તેવી નકારાત્મક ચિંતામાં તેઓ સતત ડૂબેલા રહેતા હતા. બીમારીના આ ડર અને માનસિક તણાવને કારણે તેમણે આત્મઘાતી પગલું ભરવાનું નક્કી કર્યું હતું. પોતાની બીમારીના ભવિષ્યને લઈને ચિંતિત આ મહિલાએ પોતાના ઘરે કોઈ ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને પગલે વિસળીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા. ૦૮-૦૧-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વા ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૧-૨૦૨૬ ગુરૂવાર

મેષ આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે.

કર્ક: તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

# અમરેલીમાં "સ્પેસ ઑન વ્હીલ્સ" પ્રદર્શન ૮થી ૧૦ જાન્યુઆરી દરમિયાન નિહાળી શકાશે

અમરેલી, તા.૦૭

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) અને વિજ્ઞાન ગુર્જરી (વિજ્ઞાન ભારતીનું ગુજરાત યુનિટ)ના સહયોગથી "સ્પેસ ઑન વ્હીલ્સ" નામની નવીન પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ હેઠળ એક વિશેષ રીતે સજ્જ બસને હરતું-ફરતું વિજ્ઞાન મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે, જે ભારતની અંતરિક્ષ સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડે છે. "સ્પેસ ઑન વ્હીલ્સ" મોબાઈલ પ્રદર્શન દ્વારા ચંદ્રયાન, મંગલયાન, ગગનયાન જેવી ISROની મહત્ત્વપૂર્ણ મિશનોના મોડેલ્સ, રેપ્લિકા, ઈન્ટરએક્ટિવ ડિસ્પ્લે અને શૈક્ષણિક માહિતી આપવામાં આવે છે. ઉપરાંત, અંતરિક્ષ ટેકનોલોજીના રોજિંદા જીવનમાં થતા ઉપયોગો વિશે પણ સરળ અને રસપ્રદ રીતે માહિતી આપવામાં આવે છે. આ મોબાઈલ પ્રદર્શન બસ અમરેલીમાં તા. ૮/૧/ થી ૧૦/૦૧/૨૦૨૬ સુધી આવશે. જે ૮/૦૧ના રોજ બાલભવન ખાતે, ૯/૦૧/ના રોજ વિદ્યાસભા, જ્ઞાનશક્તિ સ્કૂલ અને ૧૦/૦૧ના રોજ ભરાડ સ્કૂલ અમરેલી ખાતે સવારે ૧૦:૦૦થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. મોબાઈલ પ્રદર્શન બસ જોવાનું નિઃશુલ્ક રહેશે. કોઈપણ માહિતી માટે પ્રોફેસર ડો. યતીન તેરૈયા, જિલ્લા સંયોજક, વિજ્ઞાન ગુર્જરી અને પંકજભાઈ મહેતા, ભરાડ સ્કૂલનો સંપર્ક કરવો. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ જગાવવાનો, અંતરિક્ષ ટેકનોલોજી સાથે તેમનો સંપર્ક વધારવાનો અને STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત) ક્ષેત્રોમાં કારકિર્દી માટે પ્રોત્સાહન આપવાનો છે.

# અમરેલીમાં સુળીયા ટીંબા પાસેથી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાઈ

અમરેલી, તા.૦૭

અમરેલીમાં સુળીયા ટીંબા પાસેથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાતા ચકચાર મચી ગઈ હતી. ૬૦ વર્ષીય મહિલા પોતાના રહેણાંક પાસે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવવાનો ગરમ આથો (વોશ) લીટર-૫૦, ટીપણા સહિત કુલ કિં.રૂ.૧૪૫૦, દેશી દારૂ લીટર-૫ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ કિં.રૂ.૨૫૭૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ હતી. સાવરકુંડલામાં હાથસણી રોડ પરથી મહિલા પાસેથી દેશી દારૂ બનાવવાનો ૩૫૦ લીટર આથો, બે લીટર દેશી દારૂ સહિત ૯૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સિવાય ૪૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૯૪/૨૦૨૫

અરજદાર : શ્રી બાંભણીયા મુકેશભાઈ નાથાભાઈ
સરનામુ : મું.ટીંબી, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી બાંભણીયા મુકેશભાઈ નાથાભાઈ** એ તેમના **બહેન નામે શ્રી ભાવનાબેન નાથાભાઈ બાંભણીયાનું મરણ** તા.૨૦/૦૯/૨૦૧૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૪/૨૦૨૫

અરજદાર : શ્રી બારૈયા પરશોતમભાઈ જાદવભાઈ
સરનામુ : રે.હિમાલયા ટેનામેન્ટ, તા.જી.ભાવનગર

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - છેલણા
મું.છેલણા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના છેલણા** ગામના **શ્રી બારૈયા પરશોતમભાઈ જાદવભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી બારૈયા ભૂમિકાબેન પરશોતમભાઈનો જન્મ** તા.૧૬/૦૬/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૪/૧૨/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૯૫/૨૦૨૫

અરજદાર : શ્રી વાઘેલા ભરતભાઈ ખીમાભાઈ
સરનામુ : મું.રોહીસા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી વાઘેલા ભરતભાઈ ખીમાભાઈ** એ તેમના **માતા નામે શ્રી મીણાબેન ખીમાભાઈ વાઘેલાનું મરણ** તા.૧૫/૦૧/૨૦૦૭ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તંત્રી લેખ**

# તુર્કમાન ગેટથી દિલ્હીના સ્વપ્ન સુધી

દિલ્હીના ઐતિહાસિક તુર્કમાન ગેટ વિસ્તારમાં ચાલી રહેલો વિકાસાત્મક બદલાવ માત્ર ભૌતિક પરિવર્તન નથી, પરંતુ શહેરના ભવિષ્ય સાથે જોડાયેલો મહત્વનો સંકેત છે. દિલ્હી સરકાર શહેરને વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુંદર બનાવવા માટે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. આ પ્રક્રિયામાં નાગરિકોની ભલાઈ, કાયદાનું પાલન અને ઐતિહાસિક વારસાનું સંરક્ષણ કેન્દ્રમાં રાખવાનું વચન આપવામાં આવે છે. તેમ છતાં, તુર્કમાન ગેટનું નામ આવતા જ ઈતિહાસની કેટલીક કડવી સ્મૃતિઓ ફરી તાજી થઈ જાય છે.


તુર્કમાન ગેટના ડિમોલિશનની ચર્ચા માત્ર એક માળખું તોડવાની બાબત નથી. આ સ્થળ ભારતના લોકશાહી ઈતિહાસ સાથે ઊંડે સુધી જોડાયેલું છે. ૧૯૭૫-૭૭ના ઈમરજન્સી કાળમાં "વિકાસ" અને "સૌંદર્યકરણ"ના નામે અહીં 'બળજબરીયાં ઝૂંપડપટ્ટી ઉખેડણ' થઈ હતી. સંજય ગાંધીની આગેવાની હેઠળ ચાલેલા આ અભિયાન દરમિયાન ગોળીબાર થયો, લોકોનાં જીવ ગયા અને હજારો પરિવારો ઘરવિહોણા બન્યા. તે સમય રાજ્યશક્તિના અતિરેક, માનવાધિકારોની અવગણના અને લોકશાહી અવાજોના દમનનું પ્રતિક બની ગયો.

તુર્કમાન ગેટ માત્ર એક જૂનું માળખું નથી; તે દિલ્હીના ઈતિહાસનું જીવંત પ્રતીક છે. વિકાસની યોજનામાં તેના ઐતિહાસિક મહત્ત્વને સંરક્ષિત રાખવું એટલું જ જરૂરી છે. સરકારનો હેતુ આ વિસ્તારને એક એવા સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસિત કરવાનો છે, જ્યાં ઈતિહાસ અને આધુનિકતા એકબીજાની વિરુદ્ધ નહીં, પરંતુ પૂરક બનીને સાથે ચાલે. જો વારસાને સાચવીને વિકાસ થાય, તો શહેર પોતાની ઓળખ ગુમાવ્યા વિના આગળ વધી શકે.

ઈમરજન્સીના સમયમાં મીડિયાનો મોટો ભાગ મૌન રહ્યો હતો. આજે સ્થિતિ અલગ છે. મીડિયા અને નાગરિક સમાજ સક્રિય છે અને સત્તાને પ્રશ્ન પૂછે છે. આ લોકશાહી માટે શુભ સંકેત છે. સરકાર દ્વારા પણ આવી રચનાત્મક ટીકા અને સૂચનોનું સ્વાગત થવું જોઈએ. સંવાદ અને સહયોગ દ્વારા જ વિકાસ વધુ સમાવેશક બની શકે. લોકશાહીનું સૌંદર્ય એમાં છે કે સત્તા પોતાને પ્રશ્ન કરવા દે. વિકાસ અને લોકશાહી એકબીજાના વિરોધી નથી. સાચા અર્થમાં વિકાસ એ છે, જેમાં માનવ ગૌરવ, નાગરિક હકો અને સામાજિક ન્યાયને કેન્દ્રમાં રાખવામાં આવે. દિલ્હી સરકાર જો સંવેદનશીલ શાસન દ્વારા આ સંતુલન જાળવી શકે, તો તુર્કમાન ગેટનો પુનર્વિકાસ એક સકારાત્મક ઉદાહરણ બની શકે છે.

તુર્કમાન ગેટનું પ્રકરણ શહેરના વિકાસની લાંબી ગાથાનો એક મહત્વનો અધ્યાય છે. ઈતિહાસ આપણને ચેતવે છે કે ભૂલો દોહરાવવી સહેલી છે, પરંતુ તેનાથી શીખવું વધુ જરૂરી છે. આજનો સંવાદ એક તક છે-વધુ સંવેદનશીલ, પારદર્શક અને જવાબદાર શહેરી ભવિષ્ય ઘડવાની. જો વિકાસમાં ન્યાય, સંવાદ અને માનવતા જોડાશે, તો શહેરના સ્વપ્ન સાકાર થશે. નહીં તો ભૂતકાળના પડછાયાં ફરી લાંબા બનશે. પસંદગી આપણા હાથમાં છે.

# વિદ્યાર્થીઓની આત્મહત્યા એટલે સમાજ માટે ગંભીર ચેતવણી



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


છેલ્લાં દાયકામાં ભારતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાઓમાં ૬૫ ટકાનો વધારો થયો હોવાની હકીકત માત્ર આંકડાઓ સુધી સીમિત નથી, પરંતુ તે સમગ્ર સમાજના અંતરાત્માને ઝંઝોડે તેવી ચેતવણી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરોના આંકડાઓ મુજબ ૨૦૨૨ના વર્ષમાં દેશમાં ૧,૩૩,૦૪૪થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. આ સંખ્યા દર્શાવે છે કે શિક્ષણની દોડમાં આગળ વધતો દેશ માનસિક સ્વાસ્થ્યના મુદ્દે ક્યાંક ગંભીર રીતે પાછળ રહી ગયો છે. વિદ્યાર્થીઓમાં વધતી આત્મહત્યાઓ એ માત્ર વ્યક્તિગત નિષ્ફળતા નથી, પરંતુ શિક્ષણવ્યવસ્થા, પરિવાર અને સમાજની સંયુક્ત નિષ્ફળતા છે. આજે શહેરોથી માંડી ગામડાં સુધી શાળાઓ, કોલેજો અને કોચિંગ ક્લાસિસમાંથી વિદ્યાર્થીઓની આત્મહત્યાના અહેવાલો સતત સામે આવી રહ્યા છે. ગુજરાતમાં પણ આશાસ્પદ યુવક-યુવતીઓ અકાળે જીવન ટૂંકાવે છે. મેડિકલ, એન્જિનિયરિંગ જેવી વ્યાવસાયિક કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ પણ ડિપ્રેશનનો ભોગ બને છે. હવે તો શાળાના કિશોર-કિશોરીઓમાં પણ આત્મહત્યાનું વલણ જોવા મળે છે, જે વધુ ચિંતાજનક છે. નાની ઉંમરે હતાશા, ડર, બ્લેકમેઈલિંગ, અપેક્ષાનો ભાર અને નિષ્ફળતાનો ભય વિદ્યાર્થીઓને અંતિમ પગલું ભરવા પ્રેરે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગે મેન્ટલ હેલ્થ પોલિસી જાહેર કરી છે. કોલેજો, યુનિવર્સિટીઓ અને કોચિંગ ક્લાસિસ માટે કાઉન્સિલર નિમણૂક ફરજિયાત બનાવવામાં આવી છે. દર ૧૦૦ વિદ્યાર્થીઓએ એક કાઉન્સિલર રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. શાળાઓ માટે પણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ તમામ પ્રયાસો આવકારદાયક છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું માત્ર કાઉન્સિલર રાખવાથી આત્મહત્યા અટકી જશે? મોટા કેમ્પસ ધરાવતી કોલેજોમાં હજારો વિદ્યાર્થીઓ વચ્ચે કાઉન્સિલિંગ વ્યવસ્થા વ્યવહારુ રીતે કેટલી અસરકારક બની શકે, તે અંગે વિચાર કરવો જરૂરી છે. વિદ્યાર્થીઓની આત્મહત્યા પાછળનું મુખ્ય કારણ પરીક્ષાનું દબાણ હોવાનું ટાસ્ક ફોર્સના અવલોકનમાં સામે આવ્યું છે. પરીક્ષામાં નાપાસ થવાનો ડર, પરિણામ અંગેની અનિશ્ચિતતા અને માતા-પિતાની અપેક્ષા વિદ્યાર્થીઓને સતત માનસિક તણાવમાં રાખે છે. પરંતુ પરીક્ષા એકમાત્ર કારણ નથી. પરિવારનું વાતાવરણ પણ બાળકના મન પર ઊંડો પ્રભાવ પાડે છે. તૂટતા કુટુંબો, માતા-પિતાના ઝઘડા, એકલતા અને લાગણીસભર હૂંફનો અભાવ બાળકોને અંદરથી ખોખલા બનાવી દે છે.

તેમાં ઉમેરો થાય છે સોશિયલ મીડિયા અને સાયબર બુલિંગનો, જે આજે નવી પેઢી માટે મૌન શત્રુ બની ગયો છે. મોબાઈલ અને સોશિયલ મીડિયાના અતિશય ઉપયોગના કારણે બાળકો પૂરતી ઊંઘ લેતા નથી. શારીરિક તંદુરસ્તી બગડે છે, પરિણામે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત થતું નથી. વાંચેલું યાદ રહેતું નથી, જેનાથી ટેન્શન વધે છે. લાંબા સમય સુધી ચાલતો માનસિક તણાવ અંતે ડિપ્રેશનમાં ફેરવાય છે. એકવાર બાળક ડિપ્રેશનમાં પ્રવેશી જાય પછી નાની ઘટના પણ આત્મહત્યા માટે પ્રેરક બની શકે છે. આ સ્થિતિમાં સમયસર કાઉન્સિલિંગ, માર્ગદર્શન અને સહાનુભૂતિ અત્યંત જરૂરી બને છે. સરકાર દ્વારા સૂચવવામાં આવેલી વ્યવસ્થાઓમાં હેલ્પલાઈન નંબરને શાળા-કોલેજોના નોટિસ બોર્ડ પર દર્શાવવાની જોગવાઈ છે. પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ અને વાલીઓની મિટિંગ યોજવાની સૂચના આપવામાં આવી છે. ઈમર્જન્સી સમયે ડૉક્ટર કે મનોવૈજ્ઞાનિકનો સંપર્ક શક્ય બને તેવી વ્યવસ્થા કરવાની પણ ભલામણ છે. આ તમામ પગલાં મહત્વપૂર્ણ છે, પરંતુ તેનો અમલ માત્ર કાગળ પર ન રહી જાય તે માટે સંવેદનશીલતા જરૂરી છે. આજકાલ એવી ઘટનાઓ પણ સામે આવે છે કે માતા-પિતા મોબાઈલ વાપરવાની ના પાડે, પ્રવાસે જવાની મનાઈ કરે કે અભ્યાસ અંગે ઠપકો આપે તો બાળક આત્મહત્યાનો રસ્તો અપનાવે છે. આ ઘટનાઓ દર્શાવે છે કે નવી પેઢીમાં સહનશક્તિ અને ધીરજ ઘટતી જાય છે. જીવનમાં આવતી નાની-મોટી નિષ્ફળતાઓને સ્વીકારવાની માનસિકતા વિકસાવવાની જરૂર છે. સફળતા અને નિષ્ફળતા જીવનના પડાવ છે, અંતિમ સત્ય નથી — આ સમજણ બાળપણથી જ વિકસાવવી પડશે. શાળા-કોલેજોમાં શિસ્તનો અભાવ, ભણવામાં રસ ન હોવો અને આત્મવિશ્વાસની ખોટ પણ ગંભીર મુદ્દા છે. શિક્ષકો પણ ઘણી વખત બાળકોને યોગ્ય રીતે માર્ગદર્શન આપતાં સંકોચ અનુભવે છે. માત્ર પરિપત્રો કાઢી દેવાથી કે પરીક્ષા પદ્ધતિમાં થોડી ફેરફારોથી સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકતો નથી. આત્મહત્યાનું મૂળ કારણ સમજ્યા વિના કોઈ નીતિ સફળ નહીં થાય. શાળા-કોલેજના સંચાલકો, આચાર્યો અને શિક્ષકો સાથે ચર્ચા કરી જમીનસ્તરેથી ઉકેલ લાવવો પડશે. આત્મહત્યાના દેખીતા કારણો અનેક હોય શકે છે — પરીક્ષાનો ડર, આર્થિક મુશ્કેલીઓ, સામાજિક દબાણ કે કારકિર્દી અંગેની નિરાશા. પરંતુ આ તમામ કારણોના અંતે એક જ ભાવના છુપાયેલી હોય છે — માનસિક એકલતા. "હું કંઈ કરી શકતો નથી", "મારું કોઈ નથી", "હું થાકી ગયો છું" જેવી લાગણીઓ બાળકને આત્મહત્યાની નજીક લઈ જાય છે. આ વિચારધારા તૂટે તે માટે પરિવાર, શિક્ષક અને સમાજે મળીને બાળકની સાથે ઊભા રહેવું પડશે. શિક્ષણનો હેતુ માત્ર માર્ક્સ કે ડિગ્રી નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવવાનો છે. પાઠ્યપુસ્તકોની સાથે જીવનમૂલ્યો, સહાનુભૂતિ, સહનશક્તિ અને હકારાત્મક દૃષ્ટિકોણ વિકસે તેવું શિક્ષણ આપવાની જરૂર છે. આત્મહત્યા નિવારણ માટે ગંભીર ચિંતન અને સંવેદનશીલ પ્રયાસો જરૂરી છે. શ્રેષ્ઠ જીવવું એ જીવનયાત્રાનું લક્ષ્ય છે; સફળતા કે નિષ્ફળતા માત્ર તેના પડાવ છે — આ સમજણ જ્યારે બાળકોના મનમાં ઊંડે ઉતરે, ત્યારે જ આત્મહત્યાની આ અંધકારમય સાંકળ તૂટશે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૫૬૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૮૬૦ | ૯૯૦ |
| જુવાર લાલ | ૮૧૧ | ૧૦૧૦ |
| જુવાર પીળી | ૨૮૦ | ૪૮૦ |
| બાજરી | ૨૦૦ | ૩૮૬ |
| તુવેર | ૯૮૦ | ૧૫૧૬ |
| ચણા પીળા | ૯૬૦ | ૧૧૦૭ |
| ચણા સફેદ | ૧૧૬૦ | ૧૯૨૦ |
| અડદ | ૮૭૫ | ૧૫૨૦ |
| મગ | ૧૦૫૦ | ૧૮૯૦ |
| વાલ દેશી | ૮૫૫ | ૧૧૧૧ |
| ચોળી | ૪૦૦ | ૧૨૫૫ |
| મઠ | ૧૦૩૦ | ૧૯૭૦ |
| વટાણા | ૪૦૦ | ૧૪૦૦ |
| કળથી | ૩૭૫ | ૪૫૦ |
| રાજમા | ૬૦૦ | ૧૫૫૧ |
| મગફળી જાડી | ૧૦૩૫ | ૧૪૩૦ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૪૩૫ |
| તલી | ૧૬૮૫ | ૨૧૬૫ |
| એરંડા | ૧૦૨૫ | ૧૨૩૭ |
| અજમો | ૮૦૦ | ૨૧૦૧ |
| સોયાબીન | ૮૮૦ | ૯૭૦ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૫૨૫ |
| કાળા તલ | ૩૩૪૪ | ૫૩૦૧ |
| લસણ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૯૨૭ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૪૨૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૯૦૬ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૭૭૫ | ૪૨૫૦ |
| રાય | ૧૭૫૦ | ૧૯૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૨૦ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૨૨૪૦ |
| અશેરીયો | ૧૦૭૫ | ૧૧૫૦ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૭૩૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૪૦ |
| રજકાનું બી | ૬૭૦૦ | ૭૬૦૦ |
| ગુવારનુ બી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૧ | ૬૧૧ |
| પપૈયા | ૮૫ | ૧૨૫ |
| બટેટા | ૧૧૩ | ૩૫૭ |
| ડુંગળી સુકી | ૬૧ | ૨૭૫ |
| ટમેટા | ૪૦૬ | ૮૧૨ |
| સુરણ | ૬૦૧ | ૮૧૩ |
| કોથમરી | ૧૬૯ | ૨૩૧ |
| મુળા | ૩૦૨ | ૪૮૯ |
| રીંગણા | ૧૦૫ | ૨૫૩ |
| કોબીજ | ૮૩ | ૧૨૪ |
| ફ્લાવર | ૨૪૩ | ૩૩૯ |
| ભીંડો | ૭૧૪ | ૯૨૬ |
| ગુવાર | ૧૨૧૯ | ૧૪૫૩ |
| ચોળાસીંગ | ૭૧૩ | ૯૨૭ |
| વાલોળ | ૨૧૦ | ૩૯૭ |
| ટીંડોરા | ૪૦૨ | ૭૦૪ |
| દુધી | ૧૧૭ | ૩૫૫ |
| કારેલા | ૭૧૫ | ૯૨૬ |
| સરગવો | ૧૧૦૩ | ૧૯૨૧ |
| તુરીયા | ૯૧૭ | ૧૩૫૩ |
| પરવર | ૧૦૩૬ | ૧૫૩૯ |
| કાકડી | ૩૫૪ | ૬૮૮ |
| ગાજર | ૨૦૯ | ૩૨૪ |
| વટાણા | ૩૧૮ | ૪૫૩ |
| તુવેરસીંગ | ૩૪૯ | ૫૧૪ |
| ગલકા | ૪૭૯ | ૬૮૪ |
| બીટ | ૮૧ | ૧૫૮ |
| મેથી | ૧૨૧ | ૨૦૨ |
| વાલ | ૪૫૯ | ૬૨૭ |
| ડુંગળી લીલી | ૨૫૮ | ૪૧૩ |
| આદુ | ૮૮૭ | ૧૧૦૭ |
| ચણા લીલા | ૧૨૧ | ૩૯૪ |
| મરચા લીલા | ૩૭૧ | ૬૫૯ |
| હળદર લીલી | ૪૦૨ | ૫૯૮ |
| લસણ લીલું | ૪૩૯ | ૮૦૩ |
| મકાઇ લીલી | ૨૦૪ | ૩૧૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૦૬ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૦૧ |
| સિંગદાણા જાડા | ૧૪૪૧ | ૧૫૭૧ |
| સિંગ ફાડીયા | ૯૭૧ | ૧૫૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| તલ લાલ | ૧૯૦૦ | ૨૦૧૧ |
| જીરૂ | ૩૨૦૧ | ૪૪૦૧ |
| ધાણા | ૯૫૧ | ૧૯૭૬ |
| લસણ સુકું | ૯૦૧ | ૧૭૦૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૪૦૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૧૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૬૦૧ | ૧૪૫૧ |
| રાય | ૧૭૫૧ | ૧૭૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૧૬૧ |
| કાંગ | ૪૪૦ | ૫૬૧ |
| મરચા | ૧૦૫૧ | ૫૬૦૧ |
| મગફળી જાડી | ૧૦૭૧ | ૧૩૭૧ |
| નવા ચણા | ૧૦૮૧ | ૧૨૮૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૯૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૫૬૬ |
| તલ - તલી | ૧૪૫૧ | ૨૧૧૧ |
| ધાણી | ૧૦૫૧ | ૨૦૦૬ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૪૧૬ |
| બાજરો | ૨૩૧ | ૪૪૧ |
| જુવાર | ૮૧૧ | ૯૩૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૨૧ |
| મગ | ૮૦૦ | ૧૮૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૭૬ |
| વાલ | ૪૫૦ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૯૭૬ | ૧૪૦૧ |
| સોયાબીન | ૮૪૧ | ૯૬૬ |
| અરીઠા | ૩૦૧ | ૩૦૧ |
| કળથી | ૬૫૧ | ૬૫૧ |
| ગોગળી | ૯૦૦ | ૧૧૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૪૦ |
| કાકડી | ૩૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૪૦ |
| બટેટા | ૧૫૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| શેરડી | ૧૦૦ | ૧૪૦ |
| નાળીયેર | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૪૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૩ | ૬ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૪૦ | ૪૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૩૪૫ |
| શિંગ ૬૬ નં. | ૧૦૫૦ | ૧૨૨૦ |
| શિંગ ગીરનાર | ૮૫૦ | ૧૩૮૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૪૨૫ |
| શિંગદાણા | ૧૧૦૫ | ૧૫૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૩૧૫ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૪૨૦ | ૪૫૦૦ |
| તલ કાશમીરી | ૧૯૭૦ | ૨૨૬૫ |
| જુવાર | ૪૫૦ | ૯૨૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| મગ | ૮૫૦ | ૧૩૨૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૪૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૯૭૫ | ૧૦૦૦ |
| ચોળી | ૪૭૦ | ૭૦૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૫૦ |
| કપાસ | ૮૬૦ | ૧૫૯૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૪૮૦ | ૪૧૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૫૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૫૦ |
| મરચા લાંબા | ૮૦૦ | ૪૦૩૦ |
| કાંગ | ૫૭૦ | ૫૭૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૪૫૧ | ૨૧૦૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૧૫૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૭૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૩ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૫ |
| બાજરો | ૩૫૦ | ૬૮૯ |
| જુવાર | ૯૬૧ | ૧૧૬૧ |
| અડદ | ૭૬૫ | ૧૧૬૬ |
| ચણા | ૮૫૦ | ૧૦૨૨ |
| તુવેર | ૯૫૦ | ૧૩૧૧ |
| એરંડી | ૧૧૬૭ | ૧૨૪૮ |
| સોયાબીન | ૮૭૨ | ૯૬૪ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૬૨ | ૧૫૫૧ |
| મગફળી | ૧૩૦૨ | ૧૩૦૨ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૨૭૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૪૫ |
| તુવેર | ૧૧૮૧ | ૧૧૮૧ |
| અડદ | ૯૬૧ | ૧૦૧૧ |
| ધાણા | ૧૨૬૧ | ૧૬૩૧ |
| શીંગ દાણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૬૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૨૩ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૪ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૬૪૫ | ૧૮૦૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૭૪૦ | ૧૦૦૧ |
| મગફળી | ૯૫૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૦૧૫ |
| શીંગદાણા | ૧૩૨૫ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| લસણ | ૬૦૦ | ૬૫૦ |
| અડદ | ૧૧૪૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૯૦ | ૧૩૯૦ |
| મેથી | ૫૦૦ | ૫૦૦ |
| કાળા તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| કાંગ | ૪૩૦ | ૪૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૧૧ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૦૧ |
| તલ કાળા | ૩૩૩૫ | ૩૩૩૫ |
| તલ પીળા | ૨૧૪૦ | ૨૧૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| બાજરો | ૩૫૦ | ૪૬૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૧ |
| જુવાર | ૪૭૫ | ૧૧૦૧ |
| મગ | ૮૦૦ | ૨૪૦૧ |
| અડદ | ૬૨૫ | ૭૦૦ |
| ચણા | ૯૨૫ | ૯૫૨ |
| ધાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૭૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૯૨ |
| કપાસ મીડીયમ | ૧૦૭૦ | ૧૨૮૦ |
| મગફળી | ૧૦૮૫ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૯૯૫ |
| તલ કાળા | ૩૫૩૫ | ૪૦૭૫ |
| જીરૂ | ૩૨૧૦ | ૪૨૦૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૮૫ |
| અડદ | ૮૯૦ | ૧૧૯૦ |
| તુવેર | ૮૬૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૩૧ | ૧૫૫૨ |
| મગફળી | ૧૧૦૧ | ૧૩૩૧ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૯૭૧ | ૯૭૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૯૯૧ |
| અડદ | ૮૦૧ | ૧૧૯૬ |
| તુવેર | ૭૦૧ | ૧૧૫૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૪૧ |
| શીંગ ફાડા | ૧૧૦૧ | ૧૩૨૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૩૧ |
| લસણ | ૩૦૦ | ૧૦૩૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૬૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૮૦ | ૧૩૨૪ |
| શીંગ ૩૯ | ૧૧૫૦ | ૧૨૬૦ |
| શીંગ ગીરનાર | ૧૨૧૦ | ૧૩૩૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૭૦ | ૧૩૭૦ |
| એરંડા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| જુવાર | ૩૩૧ | ૭૭૪ |
| બાજરી | ૩૦૦ | ૭૫૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૧૬ |
| અડદ | ૯૭૦ | ૧૨૦૦ |
| મગ દેશી | ૩૫૫ | ૩૦૦૧ |
| સોયાબીન | ૫૫૫ | ૧૦૦૯ |
| ચણા | ૮૮૧ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૧૯૮૬ | ૨૩૦૫ |
| તુવેર | ૩૨૫ | ૧૩૭૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૩૯૫૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૭૯ |
| ડુંગળી સફેદ | ૧૭૫ | ૪૦૧ |
| કપાસ શંકર | ૧૧૪૫ | ૧૪૮૯ |
| નાળીયેર | ૩૭૧ | ૧૯૧૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૩૯૦ |
| મગફળી ૩૨ ન | ૧૧૮૬ | ૧૩૬૧ |
| બાજરો | ૩૨૫ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૭ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૩૦ |
| જુવાર | ૭૦૦ | ૯૭૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૨૫ |
| ચણા | ૮૦૦ | ૯૯૭ |
| તલ | ૧૫૫૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૯૩૨ | ૯૮૮ |
| કાંગ | ૪૦૫ | ૫૦૮ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૬૫ | ૫૪૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૯ |
| મગ | ૧૫૦૦ | ૧૭૦૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| તુવેર | ૯૫૦ | ૧૩૨૫ |
| ચોળી | ૭૦૦ | ૭૯૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૭૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૫૪૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૩૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| રાયડો | ૯૦૦ | ૧૦૯૫ |
| રાય | ૧૮૦૦ | ૧૯૦૦ |
| લસણ | ૧૨૫૦ | ૧૮૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૮૭ |
| અજમો | ૧૮૦૦ | ૪૩૭૦ |
| અજમાની ભુસી | ૬૦ | ૧૯૦૦ |
| મરચા | ૧૨૦૦ | ૪૧૨૫ |
| ડુંગળી સુકી | ૩૫ | ૨૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૬૦ |
| વટાણા | ૪૦૦ | ૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૦૦ |
| કોબીઝ | ૨૬૦ | ૩૧૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૬૧૦ | ૯૧૦ |
| સુરણ | ૬૧૦ | ૭૧૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૨૦ | ૩૨૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૬૦ |
| વટાણા | ૫૧૦ | ૬૧૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૧૦ | ૬૧૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| ભીડો | ૭૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૧૦ | ૧૨૧૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૧૦ | ૨૬૦ |
| ફોદીનો | ૬૧૦ | ૭૧૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૮૨૦ |
| બીટ | ૨૧૦ | ૩૧૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૦ |
| મરચાં લીલા | ૪૧૦ | ૭૧૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૩૧૦ | ૪૧૦ |
| લસણ સુકુ | ૬૧૦ | ૨૦૧૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મી. | ૨૨૦ | ૩૨૦ |

## શબ્દ સંજોગ-૨૧૨૯



**આડી ચાવી :**
(૧) ભારતમાં આ એકમાત્ર નદીની પરિક્રમા થાય છે. (૩)
(૩) ઘોડા ઉપર સવાર થયેલુ (૫)
(૫) કામ, કામદેવ (૩)
(૬) દેવપૂજાનું પાણી (૩)
(૮) સસરા (૩)
(૧૧) ઓળ, પંક્તિ (૨)
(૧૨) ખાડાટેકરા વિનાનું (૩)
(૧૩) ફરિયાદ (૩)
(૧૫) પૈસો, ધન (૨)
(૧૬) યદુનો વંશજ (૩)
(૧૯) જવ (૨)
(૨૧) દક્ષિણાપથને ઉત્તરાપથ વચ્ચેની પર્વતમાળા (૨)
(૨૨) કિંમત, લાગત (૩)
(૨૪) અવાજ, કંઠ (૨)
(૨૫) મેલ, કચરો (૨)
(૨૬) ઘોડા તથા બળદની એક પ્રકારની ચાલ (૩)
(૨૮) સાધી શકાય તેવુ (૨)
(૨૯) એક રાશિ (૩)
(૩૦) ના, નહિ (૧)

**ઉભી ચાવી :**
(૧) આંખ, નેત્ર (૩)
(૨) ઘોડા...ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
(૩) નશ્વર-નાશવંત નહિ તેવુ, સ્થાયી (૪)
(૪) શંકર, મહાદેવ (૨)
(૭) આધાર, ભરોસો (૩)
(૯) રસથી પરિપૂર્ણ (૪)
(૧૦) ડીંટી, ડીંટ (૩)
(૧૩) રોજા ફિલ્મમાં મધુનો હીરો (૪)
(૧૪) અમિતાભ બચ્ચનની પત્ની (૨)
(૧૭) નડતર, પજવણી (૩)
(૧૮) વરદાન (૨)
(૨૦) માગતા પેટે ચૂકતે થયેલી રકમ (૩)
(૨૩) પ્રસિધ્ધ વૈદશાસ્ત્રી (૩)
(૨૫) વચલો ભાગ (૨)
(૨૭) ત્રણ ફૂટ જેટલુ માપ (૨)

## શબ્દ સંજોગ-૨૧૨૮ જવાબ

**આડી ચાવી:** (૧) પંજાબ (૩) વખાર (૬) અંગત (૮) સસરા (૧૦) જીત (૧૧) તકાજો (૧૩) સહ (૧૫) ગબગભત(બગ ભગત) (૧૭) તવાઈ (૧૯) નગર (૨૦) પરમેશ્વર (૨૩) સાબ (૨૪) રકાસ (૨૫) સર્પ (૨૬) રતલ (૨૮) ધમણ (૨૯) રક્ષણ (૩૦) જનતા.
**ઉભી ચાવી:** (૧) પંગત (૨) જાત (૪) ખાસ (૫) રસસભર (૬) અંજીર (૭) ળકાગ(કાગળ) (૯) રાહત (૧૨) જોબન (૧૪) ડવામે(મેવાડ) (૧૬) ગગન (૧૭) તરબતર (૧૮) ઈશ્વર (૨૦) પસાર (૨૧) રકાબી (૨૨) અર્પણ (૨૫) સમતા (૨૭) લક્ષ (૨૮) ધન.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ

**લાયન્સ ક્લબના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા**







અમરેલી, તા.૭

ટીબીના દર્દીઓને ચાલુ સારવાર દરમિયાન પૂરતા પ્રમાણમાં પોષણક્ષમ આહાર મળી રહે તે માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા પ્રમુખ બકુલભાઈ ભટ્ટના માર્ગદર્શન નીચે ન્યુટ્રિશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ન્યુટ્રિશન કીટનું વિતરણ ૫૦ કરતાં વધારે દર્દીઓને કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.કે. જાટે ટીબીના રોગ વિશે માહિતી આપી દર્દીઓને સારવાર અંગે સમજણ આપી હતી. લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભયભાઈ શાહે ટીબીના દર્દીઓને કીટ આપવા બાબતે જણાવ્યું હતું કે આ સામાજિક જવાબદારી છે અને તેના ભાગરૂપે લાયન્સ પરિવાર ગુજરાત લેવલે આવી કામગીરી કરી રહ્યું છે. આ તકે પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલીયા, ડિસ્ટ્રિક્ટ ખજાનચી વાડીલાલભાઈ ઠકરાર, પ્રોજેક્ટ ચેરમેન નિધીબેન શાહ, કાંતિભાઈ વઘાસિયા, જયેશભાઈ પંડ્યા, કૌશિકભાઈ હપાણી, ગોરધનભાઈ માંદલીયા, રજનીભાઈ ધોરાજીયા, નનુભાઈ તળાવીયા, સુરેશભાઈ દેસાઈ, રાજુભાઈ પરીખ, જયસુખભાઈ ઢોલરીયા, જયદીપભાઈ સાવલિયા, હાર્દિકભાઈ રામાણી, વિજયભાઈ રાદડિયા, દિવ્યેશભાઈ તળાવીયા સહિત લાયન્સ ક્લબના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા ક્ષય કેન્દ્રના ટીબી સુપરવાઈઝર ભાવેશભાઈ ગજેરા અને કીર્તિબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

## કોડીનારની સોલંકી ભક્તિ કરશે રાજ્ય લેવલે ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ



કોડીનાર, તા.૦૭

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા આયોજિત 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૨૫'માં શ્રી ભ.ભા. વિદ્યાલયની વિદ્યાર્થિની સોલંકી ભક્તિએ અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. વેરાવળ ખાતે યોજાયેલી જિલ્લા લેવલની આ સ્પર્ધામાં ભક્તિએ જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ સાથેની સખત હરીફાઈમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સફળતા બદલ, સોલંકી ભક્તિ હવે રાજ્ય લેવલની સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## ધોરાજી તાલુકામાંથી લાકડાની ચોરી કરતા બે આરોપીઓની વન વિભાગ દ્વારા ધરપકડ



ધોરાજી,તા.૦૭

ધોરાજી રેન્જ ફોરેસ્ટ ઓફિસર નિહારિકાબેન પંડ્યા તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન તાલુકાના ચીખલીયા મોટી મારડ રોડ પર બોલેરો ગાડી નંબર GJ ૩૨ 2T ૪૦૯૨ ની તપાસ કરતા તેમાંથી દેશી બાવળનું લાકડું મળી આવેલ હતું. તે લાકડું ચીખલીયા મોટી મારડ રોડથી જમણી બાજુના ખારા વિસ્તારમાંથી કાપેલ જણાયું હતું. આ લાકડું તેઓ ઉપલેટા તરફ લઈ જતા હતા. આ મુદ્દામાલ વાહતુક કરવા માટે તેઓ પાસે કોઈ પ્રકારની પરમીટ ન હોવાના કારણે ગેરકાયદે વાહતુકનો ગુનો નોંધી કુલ પકડાયેલ ૨ ઈસમો અનુક્રમે બુખારી શબ્બીર હુસૈન મહંમદ હુસૈન તથા સમા સુફિયાન ઈકબાલ હુસૈન કે જેઓ નાગલખડા ગામના છે તેઓ પાસે રહેલ બોલેરો ગાડી સાથે અટક કરી છે.

## ઊનામાં ટેકાના ભાવે રૂ.૧૦૦ કરોડથી વધુની મગફળી ખરીદાઈ

ઉના,તા.૦૭

ઊના તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા નવેમ્બર માસથી શરૂ થયેલ ટેકાના ભાવે મગફળી ખરીદીમાં અઢી માસના ટૂંકા ગાળામાં ઈતિહાસ રચાયો છે. સંઘ દ્વારા અત્યાર સુધીમાં ૩.૯૫ લાખ ગુણી મગફળીની ખરીદી કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૦૦ કરોડ ૩૩ લાખ જેટલી થાય છે. સંઘના મેનેજર ગિરીશભાઈ રૈયાણીના જણાવ્યા મુજબ, આ ખરીદી સામે સરકારે અત્યાર સુધીમાં અંદાજે ૪૦૦૦ ખેડૂતોના ખાતામાં ૪૫ થી ૫૦ કરોડથી વધુ રકમ જમા કરાવી દીધી છે. જોકે, હાલ ગોડાઉનમાં જગ્યાના અભાવે ૧.૨૫ લાખ ગુણી મગફળી ગીરગઢડા રોડ પર ખુલ્લા મેદાનમાં રાખવામાં આવી છે. સ્ટોક વધી જતા હાલ પૂરતી ખરીદી બંધ રાખવામાં આવી છે. હાલ ૧૧૦૦ જેટલા ખેડૂતોની મગફળી ખરીદવાની બાકી છે.

-:: જાહેર પ્રસિધ્ધની નોટીસ ::-

### રાજુલાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા

દિ.પ.અ.ન. ૧૮૬/૨૦૨૫
મુ.તા.૧૨/૦૧/૨૦૨૬

ગુજ.ભવાભાઈ નથુભાઈ આહીર(વાઘ)ના કાયદેસરના વારસો.
(૧.૧) માલુબેન ભવાભાઈ વાઘ ઉ.વ.આ.૬૮,ધંધો-ઘરકામ,ધર્મ-હિન્દુ,
(૧.૨) માલેશ્રીબેન ભવાભાઈ વાઘ વા/ઓ ભાણાઈ જીકારભાઈ લાખણોતા, ઉ.વ.આ.૪૫,ધંધો-ઘરકામ, ધર્મે-હિન્દુ,
(૧.૩) ભુપતભાઈ ભવાભાઈ વાઘ ઉ.વ.આ.૪૩,ધંધો-ખેતી,ધર્મે-હિન્દુ,
(૧.૪) દેવાતભાઈ ભવાભાઈ વાઘ ઉ.વ.આ.૪૧,ધંધો-ખેતી,ધર્મ-હિન્દુ,
(૧.૫) જીવુબેન ભવાભાઈ વાઘ વા/ઓ વાજસુરભાઈ ગાંડાભાઈ લાખણોતા ઉ.વ.આ.૩૦,ધંધો-ઘરકામ,ધર્મે-હિન્દુ,
(૧.૬) વિરાભાઈ ભવાભાઈ વાઘ ઉ.વ.આ.૩૭,ધંધો-ખેતી,ધર્મે-હિન્દુ,
રે.નં. (૧.૧) (૧.૩) (૧.૪) તથા (૧.૬) રામપરા-૨ તા.રાજુલા, જી. અમરેલી.
રે. નં. (૧.૨)તથા (૧.૫) મુ. કોવાયા, તા.રાજુલા,જી. અમરેલી .....અરજદારો

વિરૂધ્ધ

(૧) ચીફ એન્જીનીયરશ્રી વેસ્ટર્ન રેલ્વે વિગેરે - મુ.અમદાવાદ ....સામાવાળાઓ

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે-

મથાળે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે કે, લાગતા વળગતા ઈસમો તથા સંસ્થાઓને આ નોટીસ થી જાણ કરવામાં આવેલ છે કે, ઉપર કહયા અરજદારે તેઓના વિ.વકીલશ્રી એમ.જે.સૈયદ મારફતે ઉપરોકત નંબરથી લેન્ડ રેફ.કેસ નં.૮૮/૨૦૦૭માં થયેલ હુકમ મુજબ સરકારશ્રી દ્વારા કોર્ટમાં જમા થયેલ રકમ ચુકવી આપવા માટે દિ.પ.અરજી દાખલ કરેલ છે. તો જે કોઈને વાંધો તકરાર હોય તો મુદત તારીખ ૧૨/૦૧/૨૦૨૬ ના સુધીમાં તેઓ જાતે અથવા તેમના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરુરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારું હાજર રહેવા જણાવવામાં આવે છે. અત્રે કોઈ વાંધો તકરાર રજુ નહી થાય તો યોગ્ય યોગ્ય તે આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા.૫મી માહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કર્યો

તૈયાર કરનાર સહી, (કુ.જે.ઝેડ.ડાભી) આસી. | તપાસનાર સહી, (આર.સી.ચાવડા) હેડ કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, ઇ.ચા.રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ, રાજુલા

### લાઠીના મહે. શ્રી તાલુકા એકઝી.મેજી.સાહેબ શ્રીની કોર્ટમાં, મું. : લાઠી

અરજદાર તર્ફે વિ.વકલશ્રી નવનીતભાઈ એન. મકવાણા      જન્મ/મરણ પરચુરણ અરજ નં. ૧૮૧/૨૦૨૫

**વિવાદી :-** **શ્રી મહમદભાઈ હાજીભાઈ માળવીયા**
**ઉ.વ.આ. : ૬૦, ધર્મે. : મુસ્લિમ, વ્યવસાય. : મજુરીકામ**
**રહે. C/o. નવનીતભાઈ નારણભાઈ મકવાણા, એડવોકેટ એન્ડ નોટરી**
**ઠે.: ઓફીસ-૩, સરદાર કોમ્પલેક્ષ, ન.પા.કચેરી સામે, દામનગર**
**તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૯૪ ૭૮૧૬૭**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી / ચિફ ઓફિસર સાહેબ શ્રી નગર પાલીકા કચેરી-દામનગર, મુ. દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અમો અરજદાર અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર ગામનાં રહીશ આ કામનાં અરજદાર શ્રીનાં માતા રાબુબેન હાજીભાઈ માળવીયા નું મરણ તા.૦૬/૦૪/૨૦૦૨ નાં રોજ દામનગર મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય / મરણ ની નોંધ કરાવવાનું રહી ગયેલ હોય,જેથી મરણની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.:૨૪/૧૨/૨૦૨૫ થી અરજી કરેલ છે.તો આ કામનાં સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમનાં મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૦૧/૨૦૨૬નાં રોજ બપોર નાં ૦૩:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુ. :- લાઠી
તારીખ :- ૨૬/૧૨/૨૦૨૫

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝી.મેજી સાહેબ**
**લાઠી**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૪૫/૨૦૨૫

અરજદાર : શ્રી પઠાણ નગીનાબેન ફતેખાન
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી પઠાણ નગીનાબેન ફતેખાન** એ તેમના **બહેન નામે શ્રી હનીફા સુલેમાન કુરેશી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પટીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૮૮/૨૦૨૫

અરજદાર : શ્રી રફીકભાઈ સુલેમાનભાઈ આરબ
સરનામુ : મું.વઢેર, તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેર
મું.વઢેર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેર** ગામના **શ્રી રફીકભાઈ સુલેમાનભાઈ આરબ** એ તેમના **પુત્રી નામે શ્રી રજાકભાઈ રફીકભાઈ આરબ નો જન્મ** તા.૧૯/૦૨/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પટીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૪/૧૨/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૭૧/૨૫      તા.૦૧/૦૧/૨૦૨૬

અરજદારઃ- (૧) શ્રી હંસાબેન સોમાભાઈ પરમાર
રહે. જેઠીયાવદર તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ. કે. ઠેબા રહે. બગસરા
મો.૯૯૨૫૫ ૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી,
જેઠીયાવદર, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હંસાબેન સોમાભાઈ પરમાર તેમની પુત્રીશ્રી જ્યોત્સનાબેન સોમાભાઈ પરમારનો જન્મ તા.૦૧/૦૭/૧૯૮૮ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના જેઠીયાવદર મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૬૯/૨૫      તા.૦૧/૦૧/૨૦૨૬

અરજદારઃ- (૧) શ્રી અલારખભાઈ રહીમભાઈ ચૌહાણ
રહે. બગસરા, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ. કે. ઠેબા રહે. બગસરા
મો.૯૯૨૫૫ ૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા કચેરી
બગસરા. તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અલારખભાઈ રહીમભાઈ ચૌહાણ તેમના પિતરાઈ બહેનશ્રી રસીદાબેન ઈસ્માઈલભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૬ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**


### જાહેર નિવિદા

**રાધા કૃષ્ન એગ્રો સેન્ટર - રાજુલા**
**તાલુકો રાજુલા જીલ્લો અમરેલી**

અમારી સંસ્થાનું નામ રાધા કૃષ્ન એગ્રો સેન્ટર રાજુલા તાલુકો રાજુલા જીલ્લો અમરેલી ગામ રાજુલા ચંદા ગેસ્ટ હાઉસની બાજુમાં રસાયણ ખાતરનું રિટેલિંગ વેચાણ કરવા માંગે છે. જેનું અમે કૃષિ અને ગ્રામ્ય વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લી. પાસેથી ઓફ ફોર્મ લેવા માંગીએ છીએ તો આ માટે જે વિસ્તારની કોઈ સહકારી સંસ્થા ને વાંધો હોય તો વાંધા અરજી દસ દિવસની અંદર કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા, શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી વાંધા અરજી રજૂ કરવી. જો દિવસ દસની અંદર કોઈપણ પ્રકારની વાંધા અરજી નહી મળે તો કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી દ્વારા આગળની કાર્યવાહી કરી રીટેલ ખાતરના વેચાણ માટેનું સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૦૭/૦૧/૨૦૨૬
અમરેલી.

કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય
કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ
મુ. અમરેલી. જી. અમરેલી.


### //એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૭૯/૨૦૨૫

અરજદાર :- શ્રી રોશનબેન હુસેનભાઈ સુમરા
રહે.ચોરાપા, અશરફી મંજીલ, પીપળાવાળી શેરી,
તા./જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મું.અમરેલી, તા./જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રોશનબેન હુસેનભાઈ સુમરા તેમની પુત્રશ્રી ફિરોજ હુસેનભાઈ સુમરાનો જન્મ (તા.૩૧/૦૮/૧૯૭૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૩/૨૫      તા.૩૦/૧૨/૨૦૨૫

**વિવાદી :-** **શ્રી જસાણી નાગજીભાઈ મોહનભાઈ**
**રહે.ભાલવાવ, તા.લાઠી, જી.અમરેલી, મો.૭૦૧૬૬૩૭૬૨૮**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી કે.એમ.વાળા અમરેલી**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભાલવાવ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો જસાણી ભુમિકાબેન નાગજીભાઈનો જન્મ તા.૦૫/૦૧/૧૯૯૩ ના રોજ ભાલવાવ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.238/2025

**પ્રતિ,**
શ્રી દેવીબેન કાળાભાઈ રાઠોડ વા./ઓ. હરિભાઈ વૈંશ,
રહે. આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
**.....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત આદપોકાર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ કાળાભાઈ સાગાભાઈ રાઠોડ તથા મોતીબેન કાળાભાઈ રાઠોડ ના પુત્રી દેવીબેન કાળાભાઈ રાઠોડનો જન્મ તારીખ **01/06/1974** ના રોજ કોડીનાર તાલુકાના આદપોકાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત આદપોકાર, તાલુકો કોડીનાર સને.**1974** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.81/2025

**પ્રતિ,**
શ્રી વિરાભાઈ પુંજાભાઈ વાઢેળ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જે.જી.સોસા, કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સમનાથ જિલ્લ્ના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી વિરાભાઈ પુંજાભાઈ વાઢેળ ના પત્નિ સ્વ.મંજુબેન વિરાભાઈ વાઢેળનું મરણ તારીખ **13/08/1997** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસાના સને.**1997** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### //એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૭૬/૨૦૨૫

અરજદાર :- શ્રી અમીરબાનુ મહંમદશા મોગલ
રહે.તારવાડી સામે, શેરી નં. ૨,
મદાર મંજિલ, અમરેલી. તા./જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મું.અમરેલી, તા./જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અમીરબાનુ મહંમદશા મોગલ તેમના પુત્રશ્રી ઈમ્તિયાઝશા મહમદશા મોગલનો જન્મ (તા.૦૭/૦૭/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

# રિપોર્ટ : ૧૦ વર્ષમાં જામનગરના સાંસદ પૂનમ માડમની સંપત્તિ ૭૪૭ ટકાના વધારા સાથે રૂ.૧૩૦ કરોડ થઈ

નવીદિલ્હી,તા.૭

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ વચ્ચે રિપિટ થયેલા દેશના કુલ ૧૦૩ સાંસદોમાંથી ૧૦૨ સાંસદો દ્વારા ફાઈલ કરવામાં આવેલા એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં સાંસદોની સંપત્તિમાં થયેલા વધારા-ઘટાડાની વિગત સામે આવી છે. આ લિસ્ટમાં ગુજરાતના



પણ કેટલાક સાંસદો સામેલ છે. એડીઆર રિપોર્ટના ડેટા પ્રમાણે ૨૦૧૪થી લઈને ૨૦૨૪ એટલે કે ૧૦ વર્ષમાં રિપિટ થયેલા સાંસદોની સરેરાશ મિલકતમાં ૧૭.૩૬ કરોડનો વધારો થયો છે. ૨૦૧૪માં મિલકત ૧૫.૭૬ કરોડ હતી, જ્યારે ૨૦૨૪ની ચૂંટણી અનુસાર ૩૩.૧૩ કરોડ છે. જામનગર લોકસભા બેઠકથી સાંસદ અને ભાજપ નેતા પૂનમ માડમ દેશભરમાં સંપત્તિ વધારાના મામલે બીજા સ્થાને છે. વર્ષ ૨૦૧૪માં પૂનમ માડમની સંપત્તિ માત્ર ૧૭ કરોડ હતી, જે વધીને ૨૦૨૪માં ૧૩૦ કરોડ થઈ ગઈ છે. પૂનમ માડમની સંપત્તિમાં ૭૪૭ ટકાનો વધારો થયો છે. જ્યારે કચ્છના સાંસદ વિનોદ ચાવડાની સંપત્તિમાં પણ મોટો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં વિનોદ ચાવડાની સંપત્તિ ૫૬ લાખ રૂપિયા હતી, જે વધીને ૨૦૨૪માં ૭ કરોડ ઉપર પહોંચી ગઈ છે. ત્યારબાદ બારડોલીના સાંસદ પ્રભુ વસાવાનું નામ સામેલ છે. ૨૦૧૪માં પ્રભુ વસાવાની સંપત્તિ ૨ કરોડથી ઉપર હતી, જે ૨૦૨૪માં વધીને ૪ કરોડ ઉપર પહોંચી ગઈ છે.

# નાણા બજેટમાં નવો આવકવેરા કાયદો-૨૦૨૫ લાગુ કરવા સરકારની તૈયારી

નવીદિલ્હી,તા.૭

દર વર્ષે, ફેબ્રુઆરી મહિનો નજીક આવતાની સાથે, દેશભરના લાખો રોજગાર મેળવનારા અને મધ્યમ વર્ગના પરિવારો એક જ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે: નાણામંત્રીનું બજેટ ભાષણ. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રજૂ થનાર મોદી સરકાર ૩.૦ નું ત્રીજું પૂર્ણ બજેટ ફક્ત આંકડાઓની ગણતરી નથી, પરંતુ એક દસ્તાવેજ છે જે સામાન્ય માણસના ખિસ્સા અને તેની બચતનું ભવિષ્ય નક્કી કરે છે. આ વર્ષનું કેન્દ્રીય બજેટ (૨૦૨૬-૨૭) ખૂબ જ ખાસ અને ઐતિહાસિક માનવામાં આવે છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે તે વર્તમાન આવકવેરા કાયદા હેઠળ રજૂ કરાયેલ છેલ્લું પૂર્ણ બજેટ હશે. સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી લગભગ ૬૦ વર્ષ જૂના કર કાયદાઓને બદલીને નવો 'આવકવેરા કાયદો ૨૦૨૫' લાગુ કરવાની તૈયારી કરી રહી છે. આમ, આ બજેટ ફક્ત વર્તમાન



જરૂરિયાતોને પૂર્ણ કરશે નહીં પરંતુ ભવિષ્યની કર પ્રણાલીનો પાયો પણ નાખશે. ચાલો જાણીએ કે આ વખતે કરદાતાઓ નાણામંત્રી પાસેથી કઈ પાંચ મોટી રાહતોની અપેક્ષા રાખી શકે છે. ગયા વર્ષે, બજેટ ૨૦૨૫ માં, સરકારે "નવી કર વ્યવસ્થા" ને આકર્ષક ગણાવીને હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું હતું. ૧૨ લાખ સુધીની આવકને કરમુક્ત બનાવવા અને મૂળભૂત મુક્તિ મર્યાદા ૪ લાખ સુધી વધારવા જેવા નિર્ણયોએ નવી વ્યવસ્થાને મજબૂત બનાવી. જો કે, આ ઝગમગાટ વચ્ચે, જેઓ હજુ પણ "જૂની કર વ્યવસ્થા" પર આધાર રાખે છે તેઓ છેતરાયા હોવાનું અનુભવે છે.

# સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી અંદાજમાં વધારો કર્યો, વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાની ધારણા

નવીદિલ્હી,તા.૭

સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના જીડીપી અંદાજમાં વધારો કર્યો છે. અગાઉના અંદાજ મુજબ, ૨૦૨૫-૨૬ માં જીડીપી વૃદ્ધિ ૭.૪ ટકા સુધી પહોંચી શકે છે. આ ૨૦૨૪-૨૫ માં અંદાજિત ૬.૫ ટકા કરતા વધારે છે. બુધવારે સરકાર દ્વારા જાહેર કરાયેલા ડેટા સ્પષ્ટપણે દેશની આર્થિક પ્રવૃત્તિમાં વધારો દર્શાવે છે. આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા રાષ્ટ્રીય આવકના પ્રથમ આગોતરા અંદાજ મુજબ, આ વૃદ્ધિ મુખ્યત્વે ઉત્પાદન અને સેવા ક્ષેત્રોમાં સુધારેલા પ્રદર્શન દ્વારા પ્રેરિત થશે. ડેટા અનુસાર, ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્રો ૭ ટકાનો વિકાસ દર હાંસલ કરવાનો અંદાજ છે. જ્યારે ઉદ્યોગ અને સેવા ક્ષેત્રોમાં તેજી જોવા મળી રહી છે, ત્યારે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, તેમજ વીજળી, ગેસ, પાણી પુરવઠો અને અન્ય ઉપયોગિતા સેવાઓમાં ૩૧ માર્ચે પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન મધ્યમ વૃદ્ધિનો અંદાજ છે.

# ડિસેમ્બરમાં નવા વાહનો ખરીદવા ગુજરાતીઓમાં ક્રેઝ બાઈકના વેચાણમાં ૨૦% અને કારમાં ૨૯%નો વધારો

અમદાવાદ,તા.૭

ગુજરાતમાં વર્ષ ૨૦૨૫નો છેલ્લો ડિસેમ્બર મહિનો ઓટો સેક્ટર માટે શાનદાર રહ્યો છે. કારણ કે પાછલા વર્ષની તુલનામાં આ વર્ષે ડિસેમ્બર મહિનામાં ટુ-વ્હીલર વાહનોના વેચાણમાં ૨૦ ટકા તો કારના વેચાણમાં ૨૯ ટકાનો વધારો થયો છે. એટલું જ નહીં સમગ્ર ગુજરાતમાં ઓટો સેક્ટરમાં પાછલા વર્ષની તુલનામાં આ વર્ષે ડિસેમ્બર મહિનામાં ૧૩ ટકાનો વધારો થયો છે. આ વિગત ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) ના ડિસેમ્બર ૨૦૨૫ અને કેલેન્ડર વર્ષ ૨૦૨૫મા થયેલા વાહનોના રિટેલ વેચાણના જારી આંકડામાં સામે આવી છે. ફાડાના ડિસેમ્બર ૨૦૨૫ના રિટેલ વાહન વેચાણ રિપોર્ટના આંકડા હેઠળ ગુજરાતમાં ડિસેમ્બર ૨૦૨૪મા ૮૬૧૭૪ ટુ-વ્હીલર વેચાયા હતા, તેની તુલનામાં ડિસેમ્બર ૨૦૨૫માં ૧૦૩૪૫૫ ટુ-વ્હીલરનું વેચાણ થયું છે. તે ૨૦.૦૫ ટકા વધુ છે. થ્રીવ્હીલરની વાત કરીએ તો ૨૦૨૪ના ડિસેમ્બર મહિનામાં ૪૩૩૬ થ્રીવ્હીલર વેચાયા હતા. તેની તુલનામાં ડિસેમ્બર ૨૦૨૫માં ૬૪૨૭ એટલે કે ૪૮.૨૨ ટકા વધુ ઓટો રિક્ષાનું વેચાણ થયું છે. કોમર્શિયલ વાહનોની વાત કરીએ તો તેમાં ૪૪.૧૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪માં ૫૬૮૧ વાહનોની તુલનામાં ડિસેમ્બર ૨૦૨૫માં ૮૨૦૪ કોમર્શિયલ વાહનો વેચાયા છે. યાત્રી વાહનોના વેચાણમાં આ દરમિયાન ૨૮.૮૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪માં ૩૦૬૫૩ વાહનોની તુલનામાં ડિસેમ્બર ૨૦૨૫માં ૩૯૪૯૬ વાહનો વેચાયા છે.

# સુરતની જિલ્લા કોર્ટ અને બનાસકાંઠા કલેકટર કચેરીને બોમ્બથી ઉડાવવાની મળી ધમકી


પાલનપુર,તા.૭

બનાસકાંઠા કલેકટર કચેરીને બોમ્બથી ઉડાવાની ધમકી મળી હતી. આ ધમકી બાદ આખી કચેરી ખાલી કરાવાઈ હતી જોકે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી. ગુજરાતમાં સતત બોમ્બ ધમકીની ઘટનાઓ સામે આવી રહી છે. ગઈકાલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યાને હજી ગણતરીના કલાકો જ થયા છે ત્યાં સુરતથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં આજે સુરત જિલ્લા કોર્ટને અજાણ્યા ફોન કોલ દ્વારા બોમ્બ મૂક્યો હોવાની ધમકી મળતા સમગ્ર વહીવટીતંત્ર દોડતું થયું હતું. આ ફોન કોલ બાદ તાત્કાલિક પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓને જાણ કરવામાં આવી હતી. ધમકી મળતાની સાથે જ સુરત જિલ્લા કોર્ટના તમામ કોર્ટરૂમ અને આસપાસના સમગ્ર પરિસરની સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસની ટીમોએ કોર્ટ પરિસરમાં ચેકિંગ હાથ ધર્યું હતું.

# સુરતના શોપિંગ મોલમાંથી લંડનથી સંચાલન કરાતી મેફેડ્રોન બનાવતી ફેકટરી ઝડપાઈ

સુરત,તા.૭

ડાયમંડ સિટી તરીકે જાણીતું સુરત હવે ડ્રગ્સ માફિયાઓના નિશાને હોય તેમ લાગી રહ્યું છે. સુરત એસઓજીએ પર્વત પાટિયા વિસ્તારમાં આવેલા એક જાણીતા શોપિંગ મોલમાં દરોડા પાડીને હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન બનાવતી એક અત્યાધુનિક લેબોરેટરી ઝડપી પાડી છે. ફૂડ ટેસ્ટિંગ લેબની આડમાં ચાલતી



આ ફેક્ટરીનું સંચાલન છેક લંડનથી થતું હોવાનું બહાર આવતા સુરત પોલીસ અને તપાસ એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ છે.

આ સમગ્ર પ્રકરણની કડી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મળી હતી. એસઓજીની ટીમે અમરોલી છાપરાભાઠા રોડ પરથી ૨૧ વર્ષીય જીલ ભૂપતભાઈ ઠુમ્મર નામના યુવકને ૨૩૬.૭૮૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. સામાન્ય રીતે ડ્રગ્સ અન્ય રાજ્યો કે સરહદ પારથી આવતું હોય છે, પરંતુ જીલની આકરી પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો કે આ ડ્રગ્સ ક્યાંય બહારથી નથી આવ્યું, પરંતુ સુરત શહેરની અંદર જ એક મોલમાં તૈયાર કરવામાં આવ્યું છે.

# પીએમ મોદીના આગમનને લઈ રાજ્યના પોલીસ કર્મચારીઓની રજા કરાઈ રદ

અમદાવાદ,તા.૦૭

રાજ્યના તમામ પોલીસ કર્મચારીની અને અધિકારીઓની રજાઓ રદ કરાઈ છે. ૭થી ૧૨ જાન્યુઆરી સુધી પોલીસ કર્મીઓ રજા નહીં લઈ શકે. જે કર્મચારીઓ રજા પર છે તેમને તાત્કાલિક હાજર થવા સૂચના અપાઈ છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને કારણે રજાઓ કરાઈ રદ કરાઈ છે. રાજ્યના ઈન્ચાર્જ પોલીસ વડા




કે.એલ.એન રાવ દ્વારા ગુજરાત પોલીસના તમામ કર્મચારી અને અધિકારીની રજા કેન્સલ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે તે બાબતને ધ્યાનમાં રાખીને હાલ રજા રદ કરવાનો નિર્ણય કરાયો છે.

આ ઉપરાંત ફ્લાવર શો અને આગામી તહેવારને પણ ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આગામી તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન ગુજરાતના વિવિધ જિલ્લા અને શહેરમાં યોજાનાર કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. જેથી સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા દેશ-વિદેશના મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને રાખીને રાજ્યના પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે.

# રાજ્યના ૩૧ જિલ્લામાં 'સશક્ત નારી મેળા' દ્વારા રૂ. ૪ કરોડથી વધુના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ

અમદાવાદ,તા.૭

વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત




સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગર કર્યું છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' યોજનાને નવી દિશા આપી છે.

# ઉમરપાડાના જંગલ વિસ્તારમાં પ્રેમી પંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

સુરત,તા.૭

સુરતના ઉમરપાડા તાલુકાના ગાઢ જંગલ વિસ્તારમાં પ્રેમી પંખીડાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જંગલ વિસ્તારમાં ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાધો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ ઉમરપાડાના જંગલ વિસ્તારમાં ઝાડ પર લટકતી હાલતમાં બે મૃતદેહો સ્થાનિકોએ જોયા હતા. દુપટ્ટાથી યુવક અને યુવતીએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી કે પ્રેમ પ્રકરણમાં અંતિમ પગલું ભર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. આ ઘટનાની જાણ ઉમરપાડા પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી યુવક-યુવતીના મૃતદેહને નીચે ઉતારી પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

# રિપોર્ટ : મધ્યપ્રદેશના ગ્રામીણ વિસ્તારમાં ત્રીજા ભાગનો પાણી પુરવઠો વપરાશ માટે અસુરક્ષિત

ઈન્દોર,તા.૦૭

ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે થયેલા ૨૦ લોકોના મોત વચ્ચે એક ભયાનક રિપોર્ટ સામે આવ્યો છે. કેન્દ્ર સરકારના 'જલ જીવન મિશન'ના લેટેસ્ટ 'ફંક્શનાલિટી એસેસમેન્ટ રિપોર્ટ' મુજબ, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પૂરો પાડવામાં આવતો ત્રીજા ભાગનો પાણીનો પુરવઠો માનવ વપરાશ માટે અસુરક્ષિત છે. આ રિપોર્ટ બાદ હાઈકોર્ટે રાજ્યમાં



'જાહેર આરોગ્ય કટોકટી' (Public Health Emergency) જાહેર કરી છે. સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન ૧૫,૦૦૦થી વધુ ઘરોમાંથી લેવાયેલા નમૂનાઓના આધારે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મધ્ય પ્રદેશમાં માત્ર ૬૩.૩ ટકા પાણીના નમૂના જ ધોરણો પર ખરા ઉતર્યા છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૬ ટકા છે. એટલે કે ૩૬.૭ ટકા પાણીમાં હાનિકારક બેક્ટેરિયા કે કેમિકલ છે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં માત્ર ૧૨ ટકા પાણી જ માઈક્રોબાયોલોજીકલ પરીક્ષણમાં પાસ થયું છે.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૪૭/૨૦૨૫

અરજદાર : શ્રી જેરાબેન નુરમહમદ રૂપાણી

સરનામુ : મું.નાના ઉચાણીયા, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી જેરાબેન નુરમહમદ રૂપાણી** એ તેમના (૧) **પુત્ર નામે શ્રી તુરાબઅલી નુરમહમદ રૂપાણી નો જન્મ** તા.૦૪/૦૭/૧૯૫૬ (૨) **પુત્ર નામે શ્રી શાબાનઅલી નુરમહમદ રૂપાણી નો જન્મ** તા.૧૩/૦૧/૧૯૫૯ (૩) **પુત્રી નામે શ્રી બરકતઅલી નુરમહમદ રૂપાણી નો જન્મ** તા.૨૮/૦૧/૧૯૬૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૪૬/૨૦૨૫

અરજદાર : શ્રી બીબીબેન અબ્દુલહબીબ ભટી

સરનામુ : મું.તુર્કી મહોલ્લા, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બીબીબેન અબ્દુલહબીબ ભટી** એ તેમના (૧) **પુત્ર નામે શ્રી ઈકબાલભાઈ અબ્દુલહબીબ ભટી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૨ (૨) **પુત્ર નામે શ્રી દાઉદભાઈ અબ્દુલહબીબ ભટી નો જન્મ** તા.૧૫/૦૬/૧૯૬૭ (૩) **પુત્રી નામે શ્રી તસ્લીમબેન અબ્દુલહબીબ ભટી નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૭૪ (૪) **પુત્રી નામે શ્રી યાસ્મીન અબ્દુલહબીબ ભટી નો જન્મ** તા.૨૨/૦૮/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૦૬/૨૦૨૬

અરજદાર : શ્રી જગુભાઈ ગોવિંદભાઈ સોલંકી

સરનામુ : મું.ચીત્રાસર તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ચીત્રાસર
મું.ચીત્રાસર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ચીત્રાસર** ગામના **શ્રી જગુભાઈ ગોવિંદભાઈ સોલંકી** એ તેમના (૧) **પિતા નામે શ્રી ગોવિંદભાઈ લખમણભાઈ સોલંકીનું મરણ** તા.૨૨/૧૨/૨૦૧૮ (૨) **માતા નામે શ્રી સોનાબેન ગોવિંદભાઈ સોલંકીનું મરણ** તા.૨૩/૧૨/૨૦૨૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી.બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- 03/0૧/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૦૮/૨૦૨૬

અરજદાર : શ્રી કમળાબેન બચુભાઈ બારૈયા

સરનામુ : મું.નાના ઉચાણીયા સુથાર શેરી, જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદના જાફરાબાદ** ગામના **શ્રી કમળાબેન બચુભાઈ બારૈયા** એ તેમના **પુત્ર નામે શ્રી રોહિતકુમાર બચુભાઈ બારૈયા નો જન્મ** તા.૧૭/૦૨/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ડી.એન.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- 03/0૧/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## એક આરોપી ખૂનના ગુનામાં પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલો હોવાનું ખુલ્યું

# બગસરા પોલીસે પાંચ જિલ્લામાં વાહન અને ઘરફોડ ચોરી કરનારા બે આરોપીને ઝડપ્યા

(મયુર પંડયા)

બગસરા,તા.૦૭

અમરેલી સહિત પાંચ જિલ્લામાંથી વાહનચોરીને અંજામ આપનારા અને ખૂનના ગુનામાં પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા બે કેદીઓને બગસરા પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ પાંચ જિલ્લામાંથી કુલ ૧૪ વાહનોની ચોરી કરી હોવાનુ કબુલ્યું હતું. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે અણઉકેલ ગુનાનો ભેદ ઉકેલવા માટે બગસરા પોલીસને સૂચના આપી હતી જેથી બગસરાના પીઆઈ આઈ.જે. ગીડા, પીએસઆઈ કે.જી. મયા, બી.ડી. ભીલ, મેહુલ બાલસરા, વનરાજભાઈ માંજરીયા, જયદીપભાઈ ત્રાડ, જયેશભાઈ મકવાણા સહિત સર્વેલન્સની ટીમ દ્વારા ખાનગી રાહે તપાસ તેમજ ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરી બે ઈસમોને કોડીનાર પાસેથી પકડી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપીઓની પુછપરછ કરતા તેમણે પોતાના નામ હરસુખ કાળુ વાઘેલા રહે.સનાળી તા.વડીયા અને રોહિત કવુ જખાણીયા રહે. સોમલપર તા.જસદણવાળો હોવાનું જણાવ્યું હતું. આરોપીઓ પાસેથી ત્રણ બાઈક અને બે મોબાઈલ મળી કુલ રૂા.૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની વધુ પુછપરછમાં જાણવા મળ્યુ હતું કે હરસુખ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ખૂનના ગુનામાં પેરોલ પરથી ફરાર હોય અને પોલીસ જાપ્તામાંથી નાસી ગયેલ હોય જે આજદિન સુધી નાસતો ફરતો હતો.



### આરોપીઓએ ઘરફોડ અને બાઈક ચોરીને અંજામ આપ્યો

બે મહિના પહેલા હરસુખ, રોહિત અને એક બાળકિશોર અને સંજય સુરેશ વાઘેલાએ અલગ-અલગ સ્થળોએ બાઈક લઈને બગસરા માવજીંજવા ગામે રહેણાંક મકાનમાંથી ઘરફોડ ચોરી કરેલ, દોઢ મહિના પહેલા જામકા ગામે મકાનના તાળા તોડી રોકડ રકમ, સોનાના દાગીનાની ચોરી, હાલરીયા ગામે બંધ મકાનમાંથી રોકડ અને દાગીનાની ચોરી, જેતપુરના ખીરસરા ગામે દૂધ-મંડળીના તાળા તોડી રોકડ રકમ અને ડીવીઆરની ચોરી, બાજુમાં આવેલ સ્વામિનારાયણ મંદિરમાંથી દાનપેટી તોડી રોકડ રકમની ચોરી, વડીયાના તાલાળી ગામે ઘરફોડ ચોરી કરી હતી તેમજ ગઢડાના સખપર, પોરબંદરના ગરેજ, હામાપુર, જામજોધપુર, જેતપુરના થાણાગાળોલમાં બાઈક અને દૂધ ઉત્પાદક મંડળીમાંથી ચોરી, દેરડી, હડાળા, બગસરાના હુલરીયા ગામેથી બાઈકની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આમ વિવિધ જિલ્લાઓમાંથી બાઈક ચોરીને અંજામ આપ્યો હતો.

### આરોપીઓની ગુનો કરવાની રીત

ઘરફોડ અને બાઈક ચોરી સાથે સંડોવાયેલા આરોપીઓ બળદોના વેચાણ અર્થે જે તે ગામડાઓમાં બળદગાડા તથા બકરા લઈ પડાવ નાખતા હતા અને ત્યાં રોકાઈને આજુ-બાજુના ગામોની રેકી કરી મોટરસાયકલની ચોરી કરતા હતા. ઘરફોડ ચોરીમાં આ મોટરસાયકલનો ઉપયોગ કરી અને મોટરસાયકલને રેઢુ મૂકી ફરાર થઈ જતા હતા.

### બંને આરોપીઓ સામે વિવિધ પોલીસ સ્ટેશનમાં ગુના

વડીયા તાલુકાના સનાળી ગામે રહેતા હરસુખ ઉર્ફે ચૂવી કાળુ વાઘેલા સામે મોરબી અને વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે.

જયારે રોહિત કવુ જખાણીયા સામે આજીડેમ, રાજકોટ તાલુકાના વીંછીયા, રાજકોટ સિટી, મોરબી, સાયલા અને ગોંડલ તાલુકામાં કુલ ૧૦ પોલીસ કેસ નોંધાયા છે.

## મોટરસાયકલની ચોરી કરી તેનો ઉપયોગ ઘરફોડ ચોરીમાં કરતા હોવાની કબુલાત

# રાજ્યમાં ૧૦ જાન્યુઆરથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, અમદાવાદથી થશે પ્રારંભ

(એચ.એસ.એલ),સુરત,તા.૭

ગુજરાતમાં દર વર્ષે જાન્યુઆરી મહિનામાં યોજાતો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉત્તરાયણની વર્ષો જૂની પરંપરા સાથે જોડાયેલો છે. આ મેળા દરમિયાન આકાશ રંગબેરંગી અને વિવિધ આકારની પતંગોથી ભરાઈ જાય છે. આ મહોત્સવની ખાસ વાત એ છે કે તે દેશ-વિદેશના પ્રવાસીઓ અને પતંગબાજો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. અહીં અલગ-અલગ દેશોની અનોખી અને સુંદર પતંગો જોવા મળે છે. જો તમે પણ આ વર્ષે પતંગ મહોત્સવનો આનંદ માણવા માંગતા હોવ, તો આ સમાચાર તમારા માટે જ છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૧૦ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે. તેનું મુખ્ય સ્થળ અમદાવાદનો સાબરમતી રિવરફ્રન્ટ છે.

# ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ

અમદાવાદ,તા.૦૭

રાજકુમાર અપમૃત્યુ કેસમાં ગણેશ ગોંડલના કરાયેલા નાર્કો ટેસ્ટના રિપોર્ટમાં નવો વળાંક આવ્યો છે. ૧૧મી ડિસેમ્બરે ગણેશ ગોંડલના નાર્કો ટેસ્ટની કામગીરી પૂર્ણ કરાયા બાદ આજે તપાસ અધિકારી દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ગણેશ ગોંડલે રાજકુમાર જાટને માર માર્યાનો કે કાવતરું રચ્યાની વાતનો ઈનકાર કરવામાં આવ્યો છે. હાઈકોર્ટમાં આ કેસની વધુ સુનાવણી આગામી ૧૫મી જાન્યુઆરીએ યોજાશે.